આજનો સુવિચાર

શબ્દ કવિને અમર બનાવે છે, જયારે કવિ શબ્દને ભાગ્યવાન બનાવે છે

તંત્રી, મુદ્રક, પ્રકાશક, માલિક : કાર્તિક આર. ઉપાધ્યાય

Post Regn. G/JND/23
(VALID up to 31-12-2023)
RNI Regn. No. 27509/67

Ph. : (0285) 2621000/ 2651800
E-mail : saurashtrabhoomi@gmail.com
Website : www.saurashtrabhoomi.com

# સૌરાષ્ટ્ર ભૂમિ

દૈનિક

જૂનાગઢ અને ગાંધીનગરથી પ્રસિધ્ધ થતું ગુજરાત અને સૌરાષ્ટ્ર-કચ્છનું અગ્રીમ અખબાર

વર્ષ : ૪૭ અંક : ૧૦ જૂનાગઢ તા. ૨૭-૧૨-૨૦૨૨ મંગળવાર પાના : ૮ કિંમત ૧-૫૦ રૂા. ● પ્રકાશન સ્થાન : સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક કાર્યાલય, જેઈલ રોડ, જૂનાગઢ. ગુજરાત ● મુદ્રણ સ્થાન : સોમનાથ પ્રિન્ટર્સ, જેઈલ રોડ, જૂનાગઢ, ગુજરાત (ઈન્ડીયા)


# કોરોનાનાં પ્રતિકાર માટે આજે દેશભરમાં યોજાઈ રહેલી મોકડ્રીલ

(દિલ્હી બ્યુરો) નવીદિલ્હી,તા. ૨૭

ચીન સહિતના વિશ્વનાં અનેક દેશોમાં કોરોનાના હાહાકારનેપગલે ભારતમાંપણ કેન્દ્રથી માંડીને રાજય સરકારો એલર્ટ થઇ છે અને નવેસરથી સંક્રમણ ન ફેલાય તે માટે સાવધાનીના પગલા શરૂ કરવામાં આવ્યા છે ત્યારે કોરોનાની નવી લહેર ઉભી થાય તો તૈયારી કેવી ? તે ચકાસવા માટે આજે દેશભરમાં ‘મોકડ્રીલ’ યોજવામાંઆવી રહી છે.

આ દરમ્યાન ક્યાંય પણ કોઈ ક્ષતિ માલુમ પડે તો તે સુધારવાનો ઈરાદો છે. કેન્દ્રના આરોગ્ય વિભાગના સુત્રોએ જણાવ્યું છે કે દેશભરના તમામ રાજયોમાં આરોગ્ય સુવિધા પર્યાપ્ત માત્રામાં ઉપલબ્ધ છે કે કેમ તે ચકાસવા માટે મોકડ્રીલયોજવામાંઆવી છે. કોવિડ હોસ્પિટલોમાં આઈસોલેશન વોર્ડ, ઓક્સીજન બેડ, આઈસીયુ બેડ, વેન્ટીલેટર સુવિધા સાથેના બેડ, ડોક્ટરો, નર્સો, પેરામેડીકલ સ્ટાફ, આયુષ ડોક્ટરો વગેરે પૂરતી સંખ્યામાં ઉપલબ્ધ હોવાની ચકાસણી કરવામાં આવશે અને વિવિધ માપદંડોની સમિક્ષા કરવામાં આવશે. આ દરમ્યાન આશા વર્કરો તથા આંગણવાડી કાર્યકર્તાઓ સહિત અન્ય ફ્રન્ટલાઈન કાર્યકર્તાઓની પણ માહિતી એકત્રિત કરવામાં આવશે. તમામ રાજયોના આરોગ્ય મંત્રીઓને પણ જુદા-જુદા સ્તરે આ મોકડ્રીલમાં સામેલ થવાની સલાહ આપવામાં આવી છે. પાટનગર દિલ્હીમાં નાયબ મુખ્યમંત્રી મનીષ સીસોદીયાએ જણાવ્યું હતું કે દિલ્હીની તમામ હોસ્પિટલોમાં પર્યાપ્ત સુવિધા છે અને કોરોનાથી ગમે તેવી પરિસ્થિતિ સર્જાય તેનો સામનો કરવા માટે સરકારની તૈયારી છે.

## કોરોના વેકસીનનો ચોથો ડોઝ આપવા થઈ રહેલી તૈયારી

(દિલ્હી બ્યુરો) નવી દિલ્હી,તા. ૨૭

ભારતમાં ફરી એક વખત કોરોના સંક્રમણની દહેશત શરૂ થઈ છે અને સરકાર હવે દેશના તમામલોકોને બુસ્ટર ડોઝઆપવા માટેની તૈયારી કરી રહી છે તે સમયે કેન્દ્રીય આરોગ્ય મંત્રી મનસુખ માંડવિયાએ ડબલ બુસ્ટર ડોઝની પણ આવશ્યકતા દર્શાવી છે.

૨૦૨૦માં ભારતમાં કોરોનાના આગમન બાદ દેશમાં ૨૨૦ કરોડ વેક્સિન ડોઝ અપાયા છે અને માનવામાં આવે છે કે દેશના દરેક નાગરિકને ડબલ ડોઝ અપાય ગયા છે અને ચાલુ વર્ષેએક બૂસ્ટર ડોઝ પણ આરોગ્ય સેવા સાથે જોડાયેલા લોકો અને ૬૦ વર્ષથી ઉપરના નાગરિકોને આપવામાંઆવ્યો હતો પરંતુ બુસ્ટર ડોઝ લેનારનું પ્રમાણ અત્યંત નીચુ છે.

બીજી તરફ કેન્દ્રીય સ્વાસ્થ્ય મંત્રી મનસુખ માંડવિયાએ ઈન્ડીયન મેડીકલ એસોસિએશન તથા અન્ય મેડીકલ ઈન્સ્ટીયયુટ સાથેની બેઠકમાં ચીન, જાપાન, દક્ષિણ કોરિયા અને થાઈલેન્ડ સહિતના દેશોમાં જે રીતે કોરોના આગળ વધી રહ્યો છે તે જોતા જેઓએ અગાઉ બુસ્ટર ડોઝ લઇ લીધો હોય તેઓને હવે બીજો બુસ્ટર ડોઝ અને તે રીતે આગામી વર્ષે દેશના તમામ નાગરિકોને ડબલ બુસ્ટર ડોઝ આપી શકાય તે અંગે વિચારણા કરવા જણાવ્યું છે.

જો કે અમેરિકા સહિતના દેશોમાં ત્રણથીચાર ડોઝબાદ પણ કોરોના સંક્રમણ આગળ વધ્યુ હોવાના સંકેત છે તે વચ્ચે આરોગ્ય મંત્રીનું આ સૂચન કેટલુ સ્વીકાર્ય બનશે તેના ઉપર પ્રશ્ન છે. માંડવિયાએ કોવિડ અંગે સતત આવી રહેલા વિરોધાભાસી અહેવાલો ઉપર તબીબો અને નિષ્ણાંતોને લોકોને સાચી માહિતી મળે તે માટે સક્રિય થવા અપીલ કરી હતી. જેના કારણે કોઇ વધારાની દહેશત સર્જાય નહીં.

## બિહારનાં બોધગયામાં ૧૧ વિદેશી નાગરીકો કોરોના સંક્રમિત : તંત્રમાં દોડધામ

પટના તા. ૨૭

બિહારના બોધગયામાં ૧૧ વિદેશી કોરોના સંક્રમિત મળી આવ્યા છે. વિદેશી પ્રવાસીઓ ૨૪ ડિસેમ્બરે ફ્લાઈટ દ્વારા અહીં આવ્યા હતા. જેમાં ઈંગ્લેન્ડ, મ્યાનમાર અને બેંગકોકના ૧૦ પ્રવાસીઓ સંક્રમિત જોવા મળ્યા છે. દરેકને અલગ કરી દેવામાં આવ્યા છે. તમામ સેમ્પલ જીનોમ સિક્વન્સિંગ માટે મોકલવામાં આવ્યા છે.

## વિશ્વ વિખ્યાત તિરૂપતિ મંદિર ૬ થી ૮ મહિના બંધ રહેશે

તિરૂપતિ તા. ૨૭ : ભક્તગણ હવે ભાગ્યે જ કદાચ વિશ્વ પ્રસિદ્ધ તિરુમાલા મંદિરના ગર્ભગૃહમાં દર્શન કરી શકશે. મંદિર પ્રશાસને એક એવો નિર્ણય કર્યો છે કે, જેમાં મુખ્ય ગર્ભગૃહ ૨૦૨૩ સુધી ૬ થી ૮ મહિના સુધી બંધ રહેવાની સંભાવના છે. પદાધિકારીઓના જણાવ્યા અનુસાર, મુખ્ય ગર્ભગૃહની ઉપર આનંદ નિલયમ ઉપર સોનાનું પરત ચડાવામાં આવશે, જે ત્રણ માળ સુધી લાગશે. જેને વિમના કહેવાશે. આ ગુબંજની આકૃતિનું હશે, જે ગોપુરમ જેવું દેખાશે.

## જાપાનમાં ભારે હિમવર્ષાને પગલે ૧૭નાં મોત

ટોકયો તા. ૨૭ : જાપાનના મોટા ભાગોમાં ભારે હિમવર્ષાના કારણે ૧૭ લોકોના મોત થયા છે અને ૯૦ થી વધુ લોકો ઘાયલ થયા છે. આ ઉપરાંત સેંકડો ઘરોમાં વીજળી પણ ગુલ થઈ ગઈ છે. ડિઝાસ્ટર મેનેજમેન્ટ અધિકારીઓએ આ જાણકારી આપી છે.

ડિઝાસ્ટર મેનેજમેન્ટના અધિકારીઓના જણાવ્યા અનુસાર જાપાનના કેટલાક વિસ્તારોમાં ભારે હિમવર્ષા થઈ છે.જેના કારણે જાપાનના ઉત્તરીય પ્રદેશોમાં હાઈવે ઉપર સેંકડો વાહનો અટવાઈ પડ્યા હતા. એટલું જ નહીં, હિમવર્ષાને કારણે બે દિવસ પહેલા ૧૧ લોકોના મોત થયા હતા. ફાયર એન્ડ ડિઝાસ્ટર મેનેજમેન્ટ એજન્સીના જણાવ્યા અનુસાર, ક્રિસમસ સપ્તાહમાં ભારે હિમવર્ષાના કારણે મૃત્યુઆંક વધીને ૧૭ થઈ ગયો છે અને ઘાયલોની સંખ્યા ૯૩ થઈ ગઈ છે.

## આઈઆઈટી કાનપુરનાં નિષ્ણાંતોએ કૃત્રિમ હૃદય તૈયાર કર્યુ

કાનપુર, તા.૨૭: આઈઆઈટી કાનપુરના નિષ્ણાંતોએ કૃત્રિમ હૃદય તૈયાર કર્યું છે, જે હૃદયસંબંધિત સમસ્યાઓથી પીડાતા લોકો માટે મદદરૂપ સાબિત થશે.આઈઆઈટી કાનપુરના ડિરેકટર અભય કરંદિકરે જણાવ્યું હતું કે આવતા વર્ષથી હૃદયનું કૃત્રિમ પ્રાણી પરીક્ષણ શરૂ થશે. તેમણે કહ્યું હતું. ‘હવે હાર્ટ ટ્રાન્સપ્લાન્ટ સરળ બનશે. ક્રિટિકલ દર્દીઓમાં આર્ટિફિશિયલ હાર્ટ ટ્રાન્સપ્લાન્ટ કરી શકાશે.’

IIT કાનપુર અને દેશભરના કાર્ડિયોલોજિસ્ટ્સે આ કૃત્રિમ હૃદય વિકસાવ્યું છે. પ્રાણીઓ ઉપર પરીક્ષણ ફેબ્રુઆરી અથવા માર્ચથી શરૂ થશે. ટેસ્ટમાં સફળતા મળ્યા બાદ તેને બે વર્ષમાં મનુષ્યમાં ઈમ્પ્લાન્ટ કરી શકાય છે. કરંદીકરે જણાવ્યું હતું કે હૃદય રોગઝડપથી વધી રહ્યો છે અને મોટી સંખ્યામાં દર્દીઓને હાર્ટ ટ્રાન્સપ્લાન્ટ માટે સલાહ આપવામાં આવી રહી છે. તેમણે કહ્યું, ‘દર્દીઓની તકલીફ ઘટાડવા માટે કૃત્રિમ હૃદય વિકસાવવામાં આવી રહ્યું છે. તેમણે કહ્યું, ૧૦ વૈજ્ઞાનિકો અને ડૉક્ટરોની ટીમે બે વર્ષમાં આ કૃત્રિમ હૃદય તૈયાર કર્યું છે.

## રાજયમાં ઠંડીનું જોર યથાવત : નલીયા ૮.૧, જૂનાગઢ ૯.૩, ગીરનાર પર્વત ઉપર ૪.૨ ડીગ્રી

અમદાવાદ તા.૨૭ : રાજયમાં આજે પણ ઠંડીનું આક્રમણ યથાવત રહ્યું હતું. કચ્છનાં નલિયામાં ૮.૧ ડિગ્રી સાથોસાથ આજે પણ જુનાગઢનો ગિરનાર પર્વત બર્ફાગાર સમાન રહ્યો હતો અને પર્વત ઉપર ઠંડા પવનનાં સુસવાટા સાથે ૪.૨ ડિગ્રી તાપમાન નોંધાયું હતું. તથા જુનાગઢ શહેરમાં પણ ૯.૩ ડિગ્રી ઠંડી નોંધાઈ હતી.

સોરઠ જૂનાગઢ જીલ્લામાં હાલ શિયાળાની ઋતુએ રફતાર પકડી છે આજે સૌથી વધુ ઠંડીનો દિવસ રહ્યો છે. ગઈકાલ કરતા આજે ઠંડીનો પારો નીચે ઉતરી ને ગીરનાર પર્વત ઉપર ૪.૨ ડિગ્રીએ પહોંચી જતા ગત રાત્રી અને આજે વહેલી સવારે વાતાવરણ બરફીલુ બની જવા પામ્યું છે. રોડ સમી સાંજે સુમસામ બની જવા પામ્યા હતા. વહેલી સવારે મોર્નીંગ વોકમાં જતા લોકોની સંખ્યા પણ ઘટી જવા પામી છે. આખો દિવસ સ્વેટર મફલર ટોપી સાલ ધાબળા ઓઢીને લોકો જોવા મળી રહ્યા છે.

પ્રવાસીઓ ઉપરાંત વન્ય પ્રાણીઓ પણ ઠુંઠવાઈ ગયા હતા. શહેરમાં એક દિવસની રાહત બાદ ફરી આજે ઠંડીએ જોર પકડયું હતું. મહત્તમ તાપમાન ૧૩.૬ ડીગ્રીસામે ઠંડીનો પારો ગગડીને ૯.૩ ડિગ્રીએ પહોંચી જવા પામ્યો હતો. ગીરનાર પર્વત ઉપર ઠંડી ૪.૨ ડીગ્રીએ નીચે આવતા ગીરનાર પર્વત હીમાલય બની જવા પામ્યો છે. સાથે પવનની ગતિ પ્રતીકલાક ૫ કી.મી.ની ઝડપે ફુંકાઈ રહ્યો છે. ભેજ વાતાવરણમાં ૬૯ ટકા નોંધાયો છે. આજ પણ ઠંડીનું પ્રમાણ રહેશે તેવું હવામાન ખાતાએ જણાવ્યું છે.

## ઝારખંડમાં આદિવાસી યુવતિ ઉપર ગેંગરેપની ઘટના ૧૨ આરોપીઓ નકાબ પહેરીને આવ્યા હતા

રાંચી તા. ૨૭ : ઝારખંડના લોહરદગા જિલ્લામાં ફરી એક વાર હૈવાનિયત ભરી ઘટના સામે આવી છે. જિલ્લાના કુડુ પોલીસ સ્ટેશન વિસ્તારમાંથી એક સનસનાટીભર્યો કિસ્સો પ્રકાશમાં આવ્યો છે, જયાં તેના મંગેતર સાથે ફરવા ગયેલી આદિવાસી યુવતી ઉપર સામૂહિક બળાત્કાર કરવામાં આવ્યો હતો.આરોપીઓએ યુવતીનું મોઢું બાંધીને બળાત્કારની ઘટનાને અંજામ આપ્યો હતો. આરોપીઓની સંખ્યા લગભગ ૧૨ હોવાનું કહેવાય છે. જોકે, આમાંથી ૫-૬ યુવકોએ ગેંગરેપ કર્યો છે. ઘટના બાદથી આરોપીઓ ફરાર છે. પોલીસ તેમને શોધી રહી છે. પ્રાપ્ત માહિતી મુજબ, ઘટના કુડુ પોલીસ સ્ટેશન વિસ્તારના કોલસિમરીની છે. રવિવારે મોડી સાંજે એક યુવતી તેના મંગેતર સાથે ખેતરમાં ગઈ હતી. અચાનક ૧૨ લોકો ચહેરો ઢાંકીને યુવકો આવી પહોંચ્યા અને મંગેતરને માર માર્યો અને તેનો પીછો કર્યો. ત્યારબાદ ૫-૬ યુવકોએ યુવતી ઉપર બળાત્કાર ગુજાર્યો હતો. જયારે યુવતીએ અવાજ શરૂ કર્યો તો યુવકો ભાગી ગયા. જેના કારણે કેટલાક યુવકો યુવતી ઉપર બળાત્કાર કરવામાં નિષ્ફળ રહ્યા હતા.

## છેલ્લા એક સપ્તાહમાં દેશમાં કોરોનાના કેસમાં ૧૧ ટકાનો વધારો : ચિંતા

નવી દિલ્હી તા. ૨૭: ચીનમાં કોરોનાના કારણે સર્જાયેલી તબાહી અને ભારતમાં નવી લહેર આવવાની સંભાવના વચ્ચે છેલ્લા એક સપ્તાહમાં દેશમાં કેસમાં ૧૧ ટકાનો વધારો થયો છે. નવા કેસોની સંખ્યા જોતાં આ આંકડો બહુ વધારે નથી. રવિવારે પુર્ણ થયેલા સપ્તાહમાં ૧,૨૧૯ નવા કોરોના કેસ મળી આવ્યા છે, જયારે તેના પહેલાના સપ્તાહમાં માત્ર ૧૧૦૩ કેસ જોવા મળ્યા હતા. જે રાજયોમાં થોડો વધારો થયો છે તેમાં કર્ણાટક, તેલંગાણા, પંજાબ, મહારાષ્ટ્ર, રાજસ્થાન, દિલ્હી અને હિમાચલ પ્રદેશનો સમાવેશ થાય છે. જો કે, એ કહી શકાય નહીં કે આ વધારો નવી લહેરનો સંકેત છે કે પછી વધેલા પરીક્ષણને કારણે સંખ્યામાં વધારો થયો છે.

આતો હજુ શરૂઆત જ છે

## કોરોનાની નવી લહેર સમગ્ર વિશ્વમાં તબાહી મચાવશે : વૈજ્ઞાનિકોનો દાવો

નવી દિલ્હી તા. ૨૭

ચીનમાંકોરોના વાયરસના કારણે બગડેલી સ્થિતિ વચ્ચે હવે તેનો ખતરો વિશ્વભરના દેશો ઉપર મંડરાઈ રહ્યો છે. ચીનની સાથેસાથે જાપાન, દક્ષિણ કોરિયા અને અમેરિકામાં પણ કોરોનાના કેસમાં તીવ્ર વધારો થઈ રહ્યો છે. દરમ્યાન યુએસ રોગચાળાના નિષ્ણાતોએ આગાહી કરી છે કે કોરોના રોગચાળાની નવી અને અત્યંત ખતરનાક લહેર, જે ચીન અને બાકીના વિશ્વમાં ફરીથી તબાહી મચાવવા માટે તૈયાર છે, તે આગામી ત્રણ મહિનામાં લાખો લોકોને મારી શકે છે. અમેરિકાના પબ્લીક હેલ્થ સાયન્ટીસ્ટ ડો. એરિક ફેગલ ડીંગે ટ્વિટ કર્યું છે કે ‘પ્રતિબંધો હટાવ્યા બાદ ચીનની હોસ્પીટલો સંપૂર્ણ રીતે ઓવરલોડ થઇ ગઈ છે.’ આગામી ત્રણ મહિના દરમ્યાન આ ચેપ વિશ્વની ૧૦ટકા વસ્તી અને ચીનની ૬૦ટકાથી વધુ વસ્તીને ઘેરી લેશે. તેનાથી લાખો લોકોના મોતની આશંકા છે. આ તો માત્ર શરૂઆત છે. તેવી ચેતવણી તેમણે આપી છે.

## ચીનમાં આગામી ત્રણ મહિનામાં ૯૦ કરોડ લોકો કોરોના સંક્રમિત હશે

બૈજીંગ તા. ૨૭

ચીનમાં કોરોનાની સ્થિતિ વધુ ને વધુ ખરાબ થતાં કેટલાક નિયમો લાદવામાં આવ્યા છે. ખાસ કરીને નવા વર્ષમાં કોરોના સંક્રમિતોની સંખ્યા બમણી થવાની આશંકા વ્યક્ત કરવામાં આવી છે. હાલ ચીનનાં અનેક શહેરોમાં કોરોના સંપૂર્ણ રીતે બેકાબૂ બની ગયો છે. શાંઘાઈ, બૈજીંગ અને ઝેંજિયાંગમાં ૧૦લાખ કોરોનાના કેસ સામે આવી રહ્યા છે. પરિસ્થિતિ એટલી હદે વણસી ગઈ છે કે હોસ્પિટલોમાં પગ મૂકવાની જગ્યા નથી કે ન તો મેડિકલ સ્ટોરમાં દવાઓનો પૂરતો સ્ટોક છે.

ચીનમાં કોરોનાનું સંક્રમણ ઝડપથી વધી રહ્યું છે અને ચીન સરકાર સતત એના આંકડાઓ છુપાવી રહી છે. ત્રણ દિવસ પહેલાં બ્લૂમબર્ગના રિપોર્ટમાં જણાવાયું હતું કે આ સપ્તાહમાં ચીનમાં એક દિવસમાં કોરોનાના કેસની સંખ્યા ૩ કરોડને પાર થઈ જશે. આ આંકડા અત્યારસુધીના સૌથી વધુ આંકડામાં ગણાશે. આગામી ત્રણ મહિનામાં ૯૦ કરોડ લોકો સંક્રમિત થાય એવી બ્લૂમબર્ગે આશંકા વ્યક્ત કરી છે. ચીનનમાં કેટલાંક શહેરોમાં મૃતદેહોના અંતિમસંસ્કાર માટે ૨૦-૨૦ દિવસનું વેઈટિંગ દર્શાવાય છે. સ્મશાન ગૃહોમાં મૃતદેહોની લાંબી લાઈનો જોવા મળે છે. આ ઉપરાંત મૃતકોના સ્નેહીજનોને અંતિમસંસ્કાર માટે ટોકન આપવામાં આવે છે.

ચીનમાં કોરોનાના વધતા કહેર ઉપરથી અંદાજો લગાવી શકો છે કે આગામી દિવસોમાં સંક્રમણનો વિસ્ફોટ થાય તો નવાઈ નહીં. આ વાતને લઈ ચીન પણ કબૂલાત કરી ચૂક્યું છે. સાઉથ ચાઈના મોર્નિંગમાં જે પોસ્ટ લીક થઈ હતી તેનો ચીનના નેશનલ હેલ્થ કમિશને ખુલાસો કર્યો છે. સરકારે ડિસેમ્બરની શરૂઆતમાં જે ઝીરો-કોવિડ પોલિસી હટાવી દીધી હતી, એને કારણે સંક્રમણ વધ્યું છે એવો ખુલાસો કરવામાં આવ્યો છે. ચીનની મોટા ભાગની હોસ્પિટલોમાં મેડિકલ સ્ટાફ પણ સંક્રમિત થઈ રહ્યો છે. અનેક હોસ્પિટલમાં તબીબોની કોરોનાને કારણે મોત થઈ રહ્યું છે.

## ધો. ૬ થી ૮નાં વિદ્યાર્થીઓ માટે નવતર અભિગમવાળી શિક્ષણ નીતિ : વર્ષમાં ‘૧૦ દફતર વિનાનાં દિવસ’

ગાંધીનગર તા. ૨૭

ભણતરનો અસામાન્ય ભાર ધરાવતા વિદ્યાર્થીઓને આવતા શૈક્ષણિક સત્રાથી આંશિક રાહત મળવાના સંકેત છે. કેન્દ્ર સરકારની નવી શિક્ષણ નીતિમાં ધો. ૬ થી ૮ના વિદ્યાર્થીઓ માટે વર્ષમાં ૧૦ દિવસ દફતર વિનાના શિક્ષણનું સૂચન કરવામાં આવ્યું છે અને ગુજરાત સરકાર નવા શૈક્ષણિક સત્રથી તેનો અમલ શરૂ કરવાની તૈયારી કરી રહી છે.

શિક્ષણ વિભાગના સુત્રોએ જણાવ્યું છે કે, કેન્દ્રની નવી શિક્ષણ નીતિમાં ૧૦ દિવસ અથવા ૬૦ કલાક દફતર વિનાના શિક્ષણની ભલામણ કરવામાં આવી છે અને આ દિવસોમાં શિક્ષણ સિવાયની પ્રવૃતિઓમાં વિદ્યાર્થીઓને સામેલ કરવાનું સૂચન કરાયું છે. ગાર્ડનીંગ, મેટલ ફેબ્રીકેશન જેવી પ્રવૃતિઓ કરાવવાનું સૂચન છે.

આ દરમ્યાન મ્યુઝિયમ, હેરીટેજ સાઈટ જેવા સ્થળોના પ્રવાસ કરાવવાની પણ ભલામણ કરવામાં આવી છે. સુત્રોએ કહ્યું કે, વિદ્યાર્થીઓને ૧૦૦૦ કલાક સ્કૂલમાં ગાળવાના અને ૧૦ દિવસ આ પ્રકારની જુદી જુદી પ્રવૃતિ કરાવવાનું આયોજન ગોઠવવામાં આવી રહ્યું છે. નવા શૈક્ષણિક સત્રાથી ગુજરાતના વિદ્યાર્થીઓ માટે આ નીતિ લાગુ પાડવામાં આવશે.





## લક્ઝરીયસ બંગ્લો વેચવાનો છે

દોમડીયાવાડીની બાજુમાં,કાળવા ચોક SBI ની સામે, ગીરીકુંજ સોસાયટીમાં, વ્યાજબી ભાવે બંગલો વેચાણમાં. ૧૫૨ વાર, નવું બાંધકામ,પાંચ રૂમ, ડ્રોઈંગ રૂમ, સંપૂર્ણ વાસ્તુશાસ્ત્ર, ફુલ ફર્નિશ્ડ,ઉત્તરાભિમુખ, સ્વતંત્ર બોર. ટાઈટલ ક્લીઅર. ભૂલશો તો ચૂકશો

**સંપર્ક : ૭૫૭૫૮૦૬૫૮૫**

તમામ પ્રકારનાં હઠીલા રોગોની આર્યુવેદીક પધ્ધતિથી સારવાર માટે નિષ્ણાંત
(કેન્સરનાં દર્દીઓ અવશ્ય સંપર્ક કરે)

## ડૉ. ધવલ સંઘવી

બી.એ.એમ.એસ. (B.V.P.U.) Pune
સૌરાષ્ટ્રમાં સૌ પ્રથમ જૂનાગઢ ખાતે
નાડી પરીક્ષણથી નિદાન તેમજ અપાતી સારવાર
એપોઈન્ટમેન્ટ :- જૂનાગઢ મો.: ૯૩૨૮ ૫૫૪૩૪૩

ઈમ્યુનિટા લ્યો.. સંક્રમણથી બચો




તમામ પ્રકારનાં રોગોની આયુર્વેદિક પદ્ધતિથી સારવાર કરવાનાં નિષ્ણાંત

વર્તમાનમાં કોરોનાથી બચવા અને સંક્રમણને અટકાવવા તેમજ રોગપ્રતિકારક શકિત વધારવા માટે ઈમ્યુનિટાનું નિયમિત સેવન કરો અને સ્વસ્થ રહો.... દવા એક ફાયદા અનેક

**દરેક જગ્યાએ ઉપલબ્ધ**

કલીનીક : ઝાંઝરડા બાયપાસ ચોકડી, ત્રીજો માળ, ૯ સ્કવેર બિલ્ડીંગ, કે.જે. હોસ્પીટલ પાસે, જૂનાગઢ
સમય : સવારે ૧૦ થી ૨ સાંજે : ૫ થી ૭.૩૦ સુધી
**અગાઉથી એપોઈન્ટમેન્ટ લેવી...**

સમગ્ર જૂનાગઢ જીલ્લામાં દરેક વર્ષે સૌથી શ્રેષ્ઠ પરીણામ આપવાની પરંપરા એટલે, જાવિયા સરનાં ટયુશન કલાસ

99 થી વધુ PR મેળવતા અમારા ટયુશન કલાસના 16 વિદ્યાર્થીઓ

90 થી વધુ PR મેળવતા અમારા ટયુશન કલાસનાં 66 વિદ્યાર્થીઓ..

ધો.૧૦ માર્ચ-૨૦૧૯ માં જૂનાગઢ જીલ્લામાં સૌથી વધુ ૯૯.૯૯ PR સાથે ગુજરાત બોર્ડમાં પ્રથમ સ્થાન પ્રાપ્ત કરતી અમારી વિદ્યાર્થીની કાપડી પૂર્વા



A1 GRADE
કાપડી પૂર્વા
99.99 PR
Total 589/600



A1 GRADE
ગધેસરીયા ધ્રુવીન
99.98 PR
Total 576/600

ધો.૧૦ માર્ચ-૨૦૨૦માં જૂનાગઢમાં જૂનાગઢ જીલ્લામાં સૌથી વધુ 4 A1 GRADE અને 35 A2 GRADE આપતો ટયુશન કલાસ

મોતીબાગ | એડમીશન ચાલુ છે 8th/9th/10th (Gujarati Medium) | ઝાંઝરડા રોડ

જાવિયા એજ્યુકેશન સેન્ટર
૯-૧૦, કનેરીયા શોપીંગ સેન્ટર, મોતીબાગ, જૂનાગઢ. Cont. 94286 24012

જાવિયા સ્ટડી સેન્ટર
વંદના કોમ્પ્લેક્ષ, ઝાંઝરડા રોડ, જૂનાગઢ. Cont. 90339 23546





C M Y K

સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક

## તંત્રી લેખ

# વિકાસનો મતલબ પ્રકૃતિને ખતમ કરવાનો નથી

સંયુક્ત રાષ્ટ્ર જૈવ વિવિધતા સંમેલન (કોપ-૧૫)નું સમાપન જે સમજૂતી સાથે થયું છે, તે માઈલ સ્ટોન સાબિત થઈ શકે છે. આ 'ફ્રેમવર્ક' અંતર્ગત કુલ ૨૩ લક્ષ્ય નક્કી કરવામાં આવ્યાં છે, જે અલ્પ અવધિ માટે છે. જેમ કે ૨૦૩૦ સુધી દુનિયાની ઓછામાં ઓછી ૩૦ ટકા જમીન, તટીય વિસ્તારો અને સમુદ્રી ક્ષેત્રોનું સંરક્ષણ કરવું, હાલમાં ૧૭ ટકા જમીન અને ૮ ટકા સમુદ્રી ક્ષેત્રોનું સંરક્ષણ થઈ રહ્યું છે, ૩૦ટકા પર્યાવરણ તંત્રને પુનર્જિવિત કરવા, જૈવ વિવિધતાની દૃષ્ટિએ મહત્ત્વનાં સ્થાનો ઉપર નુકસાનને શૂન્ય કરવું, વગેરે. આ તમામ ઉદ્દેશ્યો સુરિક્ષત ભવિષ્યના સંકેત છે. તેની આપણને સખત જરૂરિયાત હતી. દુનિયા હાલમાં જે દોરમાંથી પસાર થઈ રહી છે, તેને 'છઠ્ઠો સામુહિક વિનાશ' કહેવાય છે. તેનો મતલબ છે કે આવનાર દિવસોમાં જીવજંતુઓની ૧૦ લાખ પ્રજાતિઓ લુપ્ત થવાની છે. તેના પહેલાં સામુહિક વિનાશ ત્યારે થયો હતો, જ્યારે ધરતી ઉપરથી ડાયનાસોરનો અંત થયો હતો, દેખીતું છે, જ્યારે આપણી આસપાસ જૈવ વિવિધતાની આટલી મોટી દુનિયા ખતમ થશે, તો માનવ અસ્તિત્વ ઉપર સ્વાભાવિક ખતરો પેદા થશે. કોપ-૧૫ના ફ્રેમવર્કમાં લ-ય જ નથી નક્કી કરવામાં આવ્યાં, બલ્કે પહેલી વાર તેમના નિરીક્ષણની વ્યવસ્થા પણ કરવામાં આવી છે. સાથે જ જૈવ વિવિધતા સંબંધિત ફંડિંગ માટે સાર્વજનિક અને ખાનગી સ્ત્રોતોથી દર વર્ષે ૨૦૦ અબજ ડોલર એકઠા કરવા અને વિકાસશીલ દેશોને વાર્ષિક ૩૦ અબજ ડોલર આપવાની વાત પણ કહેવામાં આવી છે. માટી અને સમુદ્રનું જ નહીં, ઈકો સિસ્ટમ બચાવવાની અનિવાર્યતા પણ તેમાં છે. જોકે આ સમજૂતી લ-ય કેન્દ્રિત છે, તેથી તેની તુલના ૨૦૧૫ની પેરિસ સમજૂતી સાથે પણ થઈ રહી છે, જેમાં પૂર્વ ઔદ્યોગિક યુગથી દુનિયાનું તાપમાન ૧.૫ ડિગ્રી સેલ્સિયસ સુધી લાવવાનું લ-ય નક્કી કરવામાં આવ્યું છે. જે રીતે જળવાયુ પરિવર્તનથી બચાવને લઈને પહેલી વાર એક ઠોસ લ-ય પેરિસમાં નક્કી કરવામાં આવ્યું હતું, એવી જ ગંભીરતા આ વખતે કેનેડામાં કોપ-૧૫ની બેઠકમાં જૈવ વિવિધતાને લઈને દેખાઈ છે.

સારી વાત એ પણ છે કે જૈવ વિવિધતા સંમેલનમાં દર વર્ષે દુનિયાભરની સરકારો દ્વારા અપાઈ રહેલી ૧.૮ ટ્રિલિયન (૧૮ ખર્વ) ડોલરની સબસિડીને વાર્ષિક ૫૦૦ અબજ ડોલરના દરથી ઓછી કરવા પર પણ સહમતિ બન છે. તેની ખાદ્ય અને કૃષિ પર સીધી અસર થશે. તે પર્યાવરણ અનુકૂળ ખેતીનો રસ્તો ખોલી શકે છે. એટલે કે એવી ખેતી સંભવ થઈ શકશે, જેનાથી માટીની પોષકતા તો અખંડ રહેશે, માનવીનું સ્વાસ્થ્ય પણ જળવાઈ રહેશે. તેના માટે સમજૂતીમાં ૨૦૩૦ સુધી કીટનાશકોના ઉપયોગને ૫૦ ટકા ઘટાડવાની અનિવાર્યતા રાખવામાં આવી છે. એના પર કેટલાક દેશો સહમત નથી. સવાલ એ છે કે કેટલીક સરકારો આખરે કેમ કીટનાશકો કે ખાતર કંપનીઓની લોબીની ચુંગાલમાં છે? જો તેઓ તેને નજરઅંદાજ નહીં કરે તો સુરિક્ષત ખાદ્ય તંત્ર તરફ આપણે એટલી ઝડપથી નહીં વધી શકીએ જેટલી અપેક્ષા કરવામાં આવે છે.

આપણે ત્યાં પણ જોયું છે કે જ્યારે જ્યારે કીટનાશકો ઉપર સવાલ ઊઠ્યા છે, સરકારો તેના બચાવમાં ઉતરી આવે છે. કેરળમાં જ કાજુના બાગોમાં એન્ડોસલ્ફાન કીટનાશકનો બેફામ ઉપયોગ થતો હતો અને જ્યારે ગ્રામીણોએ બીમારીઓના કારણે તેનો વિરોધ કર્યો, તો કેન્દ્ર સરકાર તેનો બચાવ કરવા લાગી હતી. ત્યાં સુધી કે સ્ટોકહોમ કન્વેન્શનમાં જ્યારે તેના પર પ્રતિબંધ લગાવવામાં આવ્યો, ત્યારે પણ આપણી સરકાર નહોતી ઈચ્છતી કે તેનો ઉપયોગ બંધ થાય. જોકે બાદમાં તેનો ઉપયોગ બંધ કરવામાં આવ્યો. હવે સારી વાત એ છે કે આપણા વડાપ્રધાન પ્રાકૃતિક ખેતીને ઉત્તેજન આપવાની વકીલાત કરે છે, તેથી આશા રાખીએ કે સબસિડી નહિ આપીને જે રકમ બચાવવામાં આવશે તેનો ઉપયોગ ટકાઉ ખેતી માટે થશે, કારણ કે ખેતીમાં મળતી સબસિડીનો મોટો હિસ્સો તો કીટનાશક કંપનીઓના ભાગે જ જાય છે.

જૈવ વિવિધતાની દૃષ્ટિએ ભારતનું દુનિયામાં ત્રીજું મોટું સ્થાન છે. અહીં ઘણું વૈવિધ્ય છે. પરંતુ સત્ય એ પણ છે કે છેલ્લા કેટલાક વર્ષોમાં વિકાસના નામે પર્યાવરણની બલિ ચડી ગઈ છે. છત્તીસગઢમાં જ કોલસા ખનનના નામે હજારો ઝાડ કાપવાની વાત ચાલી રહી છે. આંદામાનમાં વિકાસના નામે આઠ લાખ ઝાડ કાપવામાં આવશે, જેની પૂર્તિ ગુરુગ્રામ (હરિયાણા)માં વૃક્ષારોપણ કરીને કરવામાં આવશે. શું આ યોગ્ય નીતિ છે? આપણે આપણા પર્યાવરણની કિંમત પર આવા કથિત વિકાસ કાર્યોથી બચવાની જરૂર છે. આપણે નક્કી કરવું પડશે કે આવાં કાર્યોથી આપણે પર્યાવરણને જેટલું નુક્સાન પહોંચાડી રહ્યા છીએ, તેની કિંમત શું છે? ક્યાંક આ એ તો નથી કે ખાણકામથી જેટલો ફાયદો આપણને મળશે તેના કરતાં ક્યાંય કિંમતી પર્યાવરણને આપણે નષ્ટ કરી રહ્યા છીએ? તેથી ઈકો-સિસ્ટમના મૂલ્ય નિર્ધારણની વ્યવસ્થા હોવી જોઈએ. હરિત ક્રાંતિ બાદ જ જે રીતે એકલ કૃષિને ઉત્તેજન મળ્યું છે, તેનાથી આપણી જૈવ વિવિધતાને ઘણું નુક્સાન થયું છે. આજે કપાસની થનારી ૯૫ ટકા ખેતી બીટી કોટનની છે, જેને કારણે કપાસની અન્ય પ્રજાતિઓ ખેડૂતો માટે ઉપલબ્ધ નથી રહી. જીએસ પાકથી આગળ પણ એકલ કૃષિને જ ઉત્તેજન મળશે. સ્પષ્ટ છે કે આપણે સમગ્રતામાં નીતિઓ બનાવવી જોઈએ. વિકાસ નીતિઓમાં પ્રકૃતિ અને પર્યાવરણને સૌથી ઉપર રાખવું પડશે.

કોપ-૧૫ બેઠકમાં લક્ષ્યોના નિરીક્ષણની વાત મહત્ત્વપૂર્ણ બની જાય છે. તેમાં વૈશ્વિક વ્યવસ્થા અંતર્ગત ન માત્ર વાયદો કરવો પડશે, બલ્કે તેને પૂરો કરવાની દિશામાં કામ પણ કરવું પડશે. તેમાં સ્થાનિક પ્રશાસન પણ જવાબદાર બનાવવામાં આવ્યા છે, એટલે કે 'ગ્લોબલ'થી 'લોકલ' સુધી એક કડી બની ગઈ છે. આ ધારણા હવે બદલવી પડશે કે આપણને વૃક્ષ નહીં, વિકાસ જોઈએ. વિકાસનો મતલબ પ્રકૃતિને ખતમ કરવાનો નહીં, પરંતુ પર્યાવરણને સંતુલિત રાખીને પ્રગતિ કરવાનો હોવો જોઈએ. પર્યાવરણ પર ધ્યાન આપ્યા વિના કોઈ દેશની અર્થવ્યવસ્થા આગળ નથી વધી શકતી. આપણને ખબર છે કે દુનિયાભરમાં ગ્રીનહાઉસ ગેસોનો ૩૪ ટકા હિસ્સો કૃષિથી ઉત્સર્જિત થઈ રહ્યો છે, એટલે આપણે સુરિક્ષત ખેતી તરફ આગળ વધવું જ પડશે. જૈવ વિવિધતા બચશે ત્યારે જ જળવાયુ પરિવર્તનના પડકારોનું પણ આપણે સમાધાન કરી શકીશું.

# અમદાવાદ એડવર્ટાઈઝીંગ સર્કલ એસોસીએશન દ્વારા AACA ક્રિકેટ કાર્નિવલ ૨૦૨૨નું ધમાકેદાર આયોજન

(પ્રતિનિધિ દ્વારા)

અમદાવાદ, તા.૨૭

ગુજરાતના સૌથી મોટા એડવર્ટાઈઝીંગ અને મીડીયા એસોસીએશન **AACA** દ્વારા તાજેતરમાં **AACA** ક્રિકેટ કાર્નિવલ ૨૦૨૨નું આયોજન રશ અરેના, જી.એમ.ડી.સી. ગ્રાઉન્ડ, અમદાવાદ ખાતે સફળતાપૂર્વક કરવામાં આવ્યું. આ રાત્રિ ક્રિકેટ ટુર્નામેન્ટમાં ૧૪ ટીમો વચ્ચે રમાઈ જેમાં એડવર્ટાઈઝીંગ એજન્સીના ૧૨૮ ખેલાડીઓએ ભાગ લઈને ૪૩ ધમાકેદાર રોમાંચક મેચો દ્વારા તેમની પ્રતિભાનો પરીચય આપ્યો હતો.

એવરગ્રીન મીડીયા, અશ્વિન વિકટર્સ, અભિક એડવેન્ચર, આદિશ્વર પરફોરમર્સ, અજીત એથલેટસ, દિપ્તી ડેરઢેવીલ્સ, જેસીકા વોરીયર્સ, ખુશી બ્રીગડીયર્સ, મોન્જીનીસ મીરેકલ, પૂર્ણિમા પ્રાઈડસ, ચલો સ્પોટર્સ, હેત હિરોઝ, રેમન્ડ પી.જી. રાઈડર્સ, શાર્પ શુર્ટસ ટીમો વચ્ચે ધમાકેદાર પરફોરર્મસ સાથે ક્ષણ પ્રતિક્ષણ ખુબજ રોમાંચક બનતી રહેલી મેચોમાં એવરગ્રીન મીડીયાની ટીમ ઝળહળતા રમત પ્રદર્શન દ્વારા કપ વિજેતા બની. **AACA**ના પ્રમુખ મનીષ ગાંધી, સેક્રેટરી પ્રદિપ મહેતા, ઉપપ્રમુખ પીનલ શાહ તથા એકિઝકયુટીવ કમીટીના સભ્યો રાજેન્દ્ર સોની, પ્રશાંત નારેચાણીયા, જગત ગાંધી તથા ક્રિકેટ કમિટીના સાગર ગાંધી તથા મૌલીન સોનીએ વિજેતા ટીમને ટ્રોફી એનાયત કરી. **AACA**ના સેક્રેટરી પ્રદિપ મહેતાએ ગ્રાન્ડ ફિનાલેના અવસરે એસોસીએશન વતી દરેક ટીમ ઓનર્સ તમામ ખેલાડીઓ, સ્પોન્સર્સ અને પ્રિન્ટ રેડીયો તથા ટેલીવિઝન મીડીયાનો **AACA** ક્રિકેટ કાર્નિવલ ૨૦૨૨ના પ્રોત્સાહન અને પ્રસિધ્ધી બદલ આભાર પ્રદર્શીત કર્યોહતો.

અત્રે ઉલ્લેખનીય છે કે, **AACA** દ્વારા ક્રિકેટ ટુર્નામેન્ટ ઉપરાંત વર્ષા દરમ્યાન બ્લડ



ડોનેશન કેમ્પ, કાર ટ્રેઝર હન્ટ, દિવાળી ગેટ-ટુ ગેધર, હાઉસી, કલાસંગમ તેમજ સામાજીક અને વ્યાવસાયિક પ્રગતિ માટેના કાર્યક્રમોનું સફળતાપૂર્વક આયોજન કરવામાં આવેલ છે.

# સત્યમ સેવા યુવક મંડળને મેડિકલ સાધનો અર્પણ કરાયા



જૂનાગઢ, તા.૨૭

જૂનાગઢની જાણીતી સેવાભાવી સંસ્થા સત્યમ સેવા યુવક મંડળને દાતા નીમાબેન જગદીશભાઈ પરસાણીયા તથા નીતાબેન દ્વારા સંસ્થાને મેડિકલ સાધનો જેવા કે, પાણીનું ગાદલુ, વોકર, બેડપાન, યુરિન પેડ, ગરમ પાણીની થેલી, ઘોડી, સ્ટીક, ખુરશી વગેરે રૂપિયા ૧૧,૦૦૦ના સાધનો અર્પણ કરાયા જેમાં જગદીશભાઈ પરસાણીયા, શિલ્પાબેન આદેશણા, નીમાબેન પરસાણીયા, કિરણબેન ભાલોડીયા, ભારતીબેન ભીમાણી, જયશ્રીબેન ભાણવડિયા વગેરે ખાસ ઉપસ્થિત રહ્યા હતા. આ કાર્યક્રમને સફળ બનાવવા માટે સંસ્થાના પ્રમુખ મનસુખભાઈ વાજા, શાંતાબેન બેસ, અલ્પેશભાઈ પરમાર, મુકેશગીરી મેઘનાથી ઉપસ્થિત રહ્યા હતા. પ્રાર્થના ગીત અંધ કન્યા છાત્રાલયની બહેનોએ કરેલ હતું.

# રામવાડી-૧ ખાતે અતિરૂદ્ર યજ્ઞ અને દશ મહાવિદ્યા યજ્ઞના આયોજન માટે બેઠક મળી



જૂનાગઢ, તા.૨૭ : જૂનાગઢમાં રામવાડી એક ગિરનાર રોડ ગાયત્રી મંદિર સામે જટા શંકરના મહંત શ્રી પૂર્ણાનંદજી મહારાજના અધ્યક્ષસ્થાને અતિરૂદ્ર યજ્ઞ અને દશ મહાવિદ્યા યજ્ઞનું આયોજન ૨૬ જાન્યુઆરી ૨૦૨૩થી ૩ ફેબ્રુઆરી ૨૦૨૩ સુધીનું છે જેના અનુસંધાને જટાશંકર મહાદેવના સેવક સમુદ્યયની હાજરીમાં યજ્ઞને લગતી તમામ જાણકારી જટા શંકરના મહંતએ આપેલ તેમજ અલગ અલગ કમિટીઓની રચના પણ કરવામાં આવેલ હતી. આ તમામ કમિટી સૌરાષ્ટ્ર-કચ્છ બ્રહ્મ સમાજના ટ્રસ્ટી હસુભાઈ જોશીના માર્ગદર્શનમાં કાર્ય કરશે તેમજ આ યજ્ઞની વિશેષ જાણકારી માટે હસુભાઈ જોશી ક્રિષ્નાકાર્ડ પીરની દરગાહ પાસે જૂનાગઢનો સંપર્ક સાધવાનો રહેશે. આ કાર્યક્રમને સફળ બનાવવા માટે સામવેદ પાઠશાળાના શાસ્ત્રી ચેતનભાઈ શુક્લ, વિરાટભાઈ ઠાકર, પ્રવકતા શૈલેષ પંડ્યા, જટાશંકર પરિવારના તમામ સેવક સમુદાય જહેમત ઉઠાવી રહ્યા છે.

## આપની આવતીકાલ કેવી જશે...?

**:: રત્નકણીકા ::**

ભય અને દંડથી ક્યારેય પાપ બંધ નથી થતા.

-સ્વામી રામતીર્થ

**: આજનું પંચાંગ :**

વિક્રમ સં. ૨૦૭૯, શા. શાકે. ૧૯૪૪, પા.અમરદાદ-૧૩૯૨, મુ. જમા-ઉલ્લ-આખર-૧૪૪૪, જૈન વીર સં.-૨૫૪૯, કચ્છી સં. ૨૦૭૯, પોષ સુદ-૫ જોરમેલા (પંજાબ), પંચક તા. ૨૭ ડિસેમ્બર ૨૦૨૨, મંગળવાર, પારસી તા. ૧૪, મુસ્લિમ તા.૩, ધનિષ્ઠા નક્ષત્ર, વજ યોગ, બવ કરણ, સૂ.ઉ.૭ઃ૩૨, સૂ.અ.૬ઃ૧૩

આજનો દિવસ અશુભ છે.

આજે જન્મેલા બાળકની રાશી કુંભ (ગ શ સ ષ) છે.

-કનકચંદ્ર સી. વ્યાસ

મેષ : વ્યર્થ દોડા-દોડી રહે. આવકમાં મંદીનો અનુભવ થાય.
વૃષભ : આકસ્મીક ખર્ચના ભોગ બનવું પડે. મુસાફરીથી લાભ થાય.
મિથુન : વિરોધી વર્ગને પીછેહટ કરવી પડે. નવા કાર્યમાં સાફળતા મળે.
કર્ક : નવિન શુભ સામાચાર મળે. આવક-જાવક સારભર રહે.
સિંહ : સરકારી કાર્યોમાં સફળતા મળે. મનની મુરાદ પૂરી થાય.
કન્યા : માન-સન્માનમાં વધારો થાય. આવકમાં વૃધ્ધિ થાય.
તુલા : અટકેલા કાર્યોમાં પ્રગતી થાય. સ્વભાવ તેજ રહે.
વૃશ્ચિક : કાર્યબોજ વિશેષ રહે. જીવનસાથી દ્વારા લાભ થાય.
ધન : માંગલિક કાર્યમાં સફળતા મળે. આવકનો નવો માર્ગ ખૂલે.
મકર : શેર-સટ્ટાથી દૂર રહેવું. વાણીસંયમ જાળવવો હિતાવહ.
કુંભ : અટકી-અટકીને કાર્યો સફળ બને. નાણાંભીડ દૂર થાય.
મીન : કાર્યબોજ વિશેષ રહે. મહેનત પ્રમાણે ફળ ન મળે.

# આઈએસઈઈ ૨૦૨૨ એકસપોમા ૧૪૦૦૦થી પણ વધુ મુલાકાતીઓ અને એલિવેટર ઉદ્યોગના ૧૫૦ એકિઝબીટર્સે ભાગ લીધો

## ગુજરાતના ઉદ્યોગ સાહસિકોએ દર્શાવેલા હાઈટેક કમ્પોનન્ટસની મુલાકાતીઓ દ્વારા મોટા પાયે સરાહના

(પ્રતિનિધિ દ્વારા)

અમદાવાદ, તા.૨૭

મુંબઈમાં તા.૧ થી ૩ ડિસેમ્બર ૨૦૨૨ના રોજ યોજાયેલા એલિવેટર એન્ડ એસ્કેલેટર ઉદ્યોગને ભારતના સૌથી મોટા એકસ્પોમાં રિયલ એસ્ટેટ ટાયકુન ડો.નિરંજન હિરાનંદાણીએ એલિવેટર અને એસ્કલેટર ઉદ્યોગને ચાર એસ-સેફટી સસ્ટેનીબીલીટી, સ્પીડ અને સર્વિસ ઉપર એકાગ્રતા લાવવાની જરૂરીયાત ઉપર ભાર મુકયો હતો. એલિવેટર અને એસ્કલેટર કમ્પોનન્ટ મેન્યુફેકચર્સ એસોસીએશન ઓફ ઈન્ડીયા (ઈઈસીએમએઆઈ)ના સક્રિય સહકારથી એકસ્પોમાં અમદાવાદ, સુરત, રાજકોટ અને વડોદરાથી મોટી સંખ્યામાં એકઝિબીટર્સે ભાગ લીધો હતો.

ટીએકે એકસ્પો પ્રા.લી. દ્વારા આ એકસપોનું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં ત્રણ દિવસમાં મોટી સંખ્યામાં મુલાકાતીઓ ઉમટયા હતા. આ ગ્રાન્ડ એકસ્પો મુંબઈના ગોરેગાવમાં બોમ્બે એકિઝિબિશન સેન્ટરમાં ૨ લાખ સ્કવેર ફીટ વિસ્તારમાં પથરાયેલો હતો. આઈએસઈઈ ૨૦૨૨માં ૧૫૦ જેટલા રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય એકિઝિબિટર્સે ભાગ લીધો હતો. એલિવેટર્સ ઉત્પાદકો દ્વારા ભવ્ય રીતે ડિઝાઈન કરવામાં આવેલા બુથ્સ ઉપરાંત એલિવેટર્સ એન્ડ એકસાલેટર્સ કમ્પોનન્ટસ મેન્યુફેકચર્સ એસોસીએશન ઓફ ઈન્ડીયન (ઈઈસીએમએઆઈ) દ્વારા ડિસ્પલે કરવામાં આવેલી હાઈટેક પ્રોડકટસે પણ મુલાકાતીઓનું ધ્યાન ખેચ્યુંહતું. આ ત્રણ દિવસ દરમ્યાન એલિવેટર્સ અને તેના ઉદ્યોગોને લગતા મુદાઓની ચર્ચા કરવા માટે કોન્ફરન્સ હોલમાં સેશન્સ અને સેમિનાર્સનું પણ આયોજન કરવામાં આવ્યું હતું. આ એકસ્પોમાં એપ્સાન આર્કેલ અને વિટ્ટર એમ ત્રણ હાઈટેક પ્રોડકટસની ઔપચારીકતા રજુ કરવામાં આવી હત. આ એકસ્પોમાં વિશ્વની સૌથી ઝડપી પૈકીની એક એવી એલિવેટર મોટર પણ રજુ કરવામાં આવી હતી.

# જૂનાગઢમાં ઢાલરોડ ખાતે આવેલ હાજીપીર બાવાના ઉર્ષ નિમિત્તે જલ્સાનું આયોજન

જૂનાગઢ તા. ૨૭

દર વર્ષની જેમ આ વર્ષે પણ જૂનાગઢમાં ઢાલરોડ ખાતે આવેલ મશહુર ઔલિયા હઝરત હાજીપીર બાપુની દરગાહ ખાતે તા.૨૮-૧૨-૨૨ ને બુધવારના રોજ ઉર્ષની શાનો સૌકતથી ઉજવણી કરવામાં કરવામાં આવશે. આ પ્રસંગે સાંજે ૪ કલાકે ઝુલુશનું આયોજન કરવામાં આવેલ છે. ઈશાની નમાઝ બાદ ખાનકાહે રઝવિય્યાહના હઝરત ગુલઝારબાપુનુરીના પ્રમુખસ્થાને શાનદાર જલ્સાનું આયોજન કરવામાં આવેલ છે. જેમાં ગુજરાતના મશહુર મુકર્રીર ખતીબે ઝિશાન હાફીઝ મુફતી મો.અશરફ રઝા બુરહાની (રતનાપુર-ખેડા)થી ઉપસ્થિત રહી શાનદાર તકરીર ફરમાવશે. તેમજ બુલબુલે બાગે મદીના મૌલાના કારી નિયાઝ અહેમદ તેમના મધુર કંઠે નાતે રસુલ તથા મનકબત પેશ કરશે. તેમજ મૌલાના હસીબુર્રહમાન, મૌલાના સૈયદ સાજીદબાપુ, મૌલાના અલીમોહંમદ પલેજા, હાફીઝ કારી મો.સાબીર રઝા તેમજ જૂનાગઢના ઉલેમાએકિરામ તથા મસ્જીદના ઈમામ ખાસ હાજરી આપશે. આ પ્રસંગે દુઆએ ખૈર બાદ આમન્યાઝનું પણ આયોજન કરવામાં આવેલ છે. જેથી આ જલ્સાના કાર્યક્રમમાં તમામ મુસ્લીમ બિરાદરોને બહોળી સંખ્યામાં હાજરી આપવા દરગાહના ખાદિમ ઘાંચી મો.હનીફભાઈ બંગાલીની યાદીમાં અનુરોધ કરવામાં આવેલછે.

# જૂનાગઢ મહિલા આઈ.ટી.આઈ ખાતે કેરિયર ડેની થયેલ ઉજવણી

જૂનાગઢ, તા.૨૭

જૂનાગઢ મહિલા ઔદ્યોગિક તાલીમ સંસ્થા ખાતે કવેસ્ટ એલાયન્સ તથા ઔદ્યોગિક તાલીમ સંસ્થા, જૂનાગઢ (મહિલા)ના સંયુકત ઉપક્રમે કેરિયર ડેની ઉજવણી કરવામાં આવી હતી.

કેરિયર ડેની ઉજવણી પ્રસંગે કાર્યક્રમના મુખ્ય મહેમાન ડો. તન્વી કાચા એમડી દ્વારા બહેનોને તેમના કેરિયરમાં સ્ટ્રેસ રીલીફ અને મેડીટેશન/યોગની જરૂરિયાત અને તેના મેનેજમેન્ટ બાબતે માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. તેમજ કવેસ્ટ એલાયન્સના સુશ્રી પૂજા દેસાઈ (પ્રોગ્રામ ઓફિસર ઓફ કવેસ્ટ એલાયન્સ) હર્ષદભાઈ વાજા (પ્રમુખ સ્વપ્ર યુવા વિકાસ મંડળ) અને આચાર્ય પ્રિયેશ કે. વાળા દ્વારા કેરિયરની નવી દિશા શોધવા, ક્રિએટિવિટી અને ઈનોવેટીવ આઈડિયા દ્વારા કેરિયર ગ્રોથ કરવા અંગે જરૂરી સૂચનો આપ્યા હતા.

આ તકે આ સંસ્થાની પૂર્વ તાલીમાર્થીઓ જેવો હાલ અલગ અલગ ક્ષેત્રમાં સ્વરોજગાર મેળવે છે તેમને પોતાના અનુભવો અને માર્ગદર્શન આપ્યુંહતું. આ પ્રસંગે સંસ્થાની તાલીમાર્થી બહેનો દ્વારા બનાવેલ ક્રાફટ અને પ્રોજેક્ટનું એક્ઝિબિશન યોજવામાં આવ્યું હતું. તેમજ પ્લેસમેન્ટ માટે ભરતી મેળો પણ યોજાયો હતો. જેમાં ૪ જેટલી કંપનીઓ દ્વારા કુલ ૩૩ જગ્યા માટે ૧૮ તાલીમાર્થીઓની પ્રાથમિક પસંદગી કરવામાં આવી હતી. સમગ્ર કાર્યક્રમનું સંચાલન કુ. કોમલ ગોહિલ તથા સંસ્થાની તાલીમાર્થીઓ દ્વારા કરવામાં આવ્યું હતું.

# સરકારે આ ખતરનાક હથિયારને ભારત સરહદ ઉપર તૈનાત કરવા મંજૂરી આપી

## ભારત સરકારે ચીન અને પાકિસ્તાનને પાઠ ભણાવવા માટે સૈન્ય તાકાત વધારી

નવીદિલ્હી તા.૨૭

ભારત સરકાર ચીન અને પાકિસ્તાનને પાઠ ભણાવવા માટે સતત પોતાની સૈન્ય તાકાત વધારી રહી છે. ચીન સાથે સરહદી વિવાદ અને પાકિસ્તાન સાથેના તંગ સંબંધો વચ્ચે કેન્દ્ર સરકારે પ્રલય બેલેસ્ટિક મિસાઈલ ખરીદવાનો મોટો નિર્ણય લીધો છે. એક મોટા નિર્ણયમાં, સંરક્ષણ મંત્રાલયે ભારતીય સશસ્ત્ર દળો માટે લગભગ ૧૨૦ પ્રલય બેલિસ્ટિક મિસાઈલોની ખરીદીને મંજૂરી આપી છે. આ મિસાઈલોને ચીન અને પાકિસ્તાનની સરહદે તૈનાત કરવામાં આવશે. પ્રલય બેલેસ્ટિક મિસાઈલની ખરીદી માટે લીલી ઝંડી મળવાને દેશ માટે એક મોટા વિકાસ તરીકે જોવામાં આવી રહી છે. ભારત પાસે હવે એક નીતિ છે જે વ્યૂહાત્મક ભૂમિકાઓમાં બેલેસ્ટિક મિસાઈલોના ઉપયોગને



મંજૂરી આપે છે. ચીન અને પાકિસ્તાન બંને પાસે બેલેસ્ટિક મિસાઈલો છે, જે વ્યૂહાત્મક ભૂમિકાઓ માટે છે. સૂત્રોએ જણાવ્યું કે ડિફેન્સ રિસર્ચ એન્ડ ડેવલપમેન્ટ ઓર્ગેનાઈઝેશન (DRDO) દ્વારા વિકસિત મિસાઈલને વધુ વિકસિત કરવામાં આવી રહી છે અને જો સેના ઈચ્છે તો તેની રેન્જમાં નોંધપાત્ર વધારો કરી શકે છે. હાલમાં પ્રલયા બેલેસ્ટિક મિસાઈલ ૧૫૦થી ૫૦૦ કિમી સુધીના લક્ષ્યાંકોને નિશાન બનાવી શકે છે. સૌથી મહત્વની વાત એ છે કે આ મિસાઈલોને ઈન્ટરસેપ્ટર મિસાઈલ દ્વારા શોધી કાઢવી દુશ્મન માટે ખૂબ જ મુશ્કેલ છે. 'પ્રયાલ' સપાટીથી સપાટી પર માર કરતી મિસાઈલ છે. તેને ઈન્ટરસેપ્ટર મિસાઈલને હરાવવા સક્ષમ બનાવવા માટે વિકસાવવામાં આવી છે. તે મધ્ય હવામાં ચોક્કસ અંતર કાપ્યા પછી તેનો માર્ગ બદલવાની ક્ષમતા ધરાવે છે. 'પ્રલય' એ સોલિડ પ્રોપેલન્ટ રોકેટ મોટર (સોલિડપ્રોપેલન્ટ રોકેટ મોટર) અને અન્ય નવી ટેકનોલોજી સંચાલિત મિસાઈલ છે. મિસાઈલ સિસ્ટમનો વિકાસ ૨૦૧૫ની આસપાસ શરૂ થયો હતો અને આવી ક્ષમતાના વિકાસને આર્મી ચીફ તરીકે સ્વર્ગસ્થ જનરલ બિપિન રાવત દ્વારા પ્રોત્સાહન આપવામાં આવ્યું હતું. આ મિસાઈલનું ગયા વર્ષે ૨૧ ડિસેમ્બર અને ૨૨ ડિસેમ્બરે બે વાર સફળ પરીક્ષણ કરવામાં આવ્યું હતું. મિસાઈલ માર્ગદર્શન પ્રણાલીમાં આધુનિક નેવિગેશન અને સંકલિત એવિઓનિક્સનો સમાવેશ થાય છે. પ્રલય બેલિસ્ટિક મિસાઈલને પહેલા ભારતીય વાયુસેનામાં સામેલ કરવામાં આવશે, ત્યારબાદ તેને ભારતીય સેનામાં સામેલ કરવામાં આવે તેવી શકયતા છે. આ પ્રકારની મિસાઈલ સિસ્ટમનો ઉપયોગ દુશ્મનની એર ડિફેન્સ સિસ્ટમ અને અન્ય હથિયારોને નષ્ટ કરવા માટે થઈ શકે છે.

# હાઈકોર્ટના ચુકાદા બાદ અશાંત ધારા હેઠળની મંજૂરી માટે ત્રાહિત વ્યક્તિ કે સ્થાનિકોની ભૂમિકા મહત્વની રહેશે નહીં

**● અશાંત ધારા અંગેના એક કેસમાં તાજેતરમાં ગુજરાત હાઈકોર્ટે આપેલા ચુકાદાની વિસ્તૃત છણાવટ ● ગુજરાત હાઈકોર્ટે પોતાના ચુકાદામાં જણાવ્યું હતું કે, અશાંત ધારા હેઠળ મંજૂરી માટે ખરીદનાર, વેચનારની મુક્ત સંમતિ જરૂરી, ત્રાહિત વ્યક્તિની અરજીના આધારે અશાંત ધારાની મંજૂરી રદ કરવી યોગ્ય નહીં**



અમદાવાદ, તા.૨૭

અશાંત ધારાના એક કેસમાં તાજેતરમાં ગુજરાત હાઈકોર્ટે મોટી સંખ્યામાં લોકોને અસર કરે તેવો એક મહત્વપૂર્ણ ચુકાદો આપ્યો હતો. જેમાં વડી અદાલતે ખાસ નોંધ્યું હતું કે, આવા કિસ્સામાં માત્ર ખરીદનાર અને વેચનારની સંમતિ જરૂરી છે, તેમાં કોઈ ત્રાહિત વ્યકિત કે પડોશી દ્વારા કરવામાં આવેલી અરજીનો આધાર બનાવી અશાંત ધારાની મંજૂરી રદ કરવી યોગ્ય કહી શકાય નહીં. હાઈકોર્ટે કરેલા આ આદેશની વિસ્તૃત છણાવટ કરવામાં આવી હતી. આ કેસમાં ઉલ્લેખનિય ચુકાદો આપતાં ગુજરાતની વડી અદાલત દ્વારા નોંધવામાં આવ્યું હતું કે, અશાંત ધારાની અમલવારીમાં મંજૂરી માટે માત્ર બે જ મહત્વના પરિબળો છે. જેમાં ખરીદનાર અને વેચનારની મુક્ત સંમતિ હોવી અનિવાર્ય છે અને બીજી મુખ્ય બાબત એ છે કે, વેચનારને ખરીદનાર તરફથી બજાર કિંમત મળેલી હોવી જોઈએ. એટલું જ નહીં અદાલતે ખાસ ટિપ્પણી કરતા જણાવ્યું હતું કે, આવા કિસ્સામાં સોદો થયા બાદ ત્રીજી વ્યકિતની અરજીના આધારે અશાંત ધારાની મંજૂરી રદ કરવી તે યોગ્ય ગણી શકાય નહીં. હાઈકોર્ટે જે અરજી અંગે ઉકત ચુકાદો આપ્યો હતો તે કેસની ટૂંકી વિગત એવી છે કે, સુરતના એક વિસ્તારમાં લઘુમતી સમાજના બે ભાગીદારોએ બહુમતી સમાજની એક વ્યકિતનો ભાગીદાર રાખી હતી અને બહુમતી સમાજની એક વ્યકિત પાસેથી એક સંપત્તિની ખરીદી કરી હતી. જો કે વડી અદાલતે આ બાબતનો તબક્કાવાર રીતે પડકારવામાં આવી હતી. હાઈકોર્ટમાં કરવામાં આવેલી અરજીમાં જણાવવામાં આવ્યું હતું કે, આ સોદામાં શરતોનું પાલન કરવામાં આવ્યું નથી. તેમજ એવી છાપ ઉભી કરવામાં આવી હતી કે, આ સોદો એક જ ધર્મના બે લોકો વચ્ચે છે. પણ હકીકતમાં આવું નથી. આ સોદામાં પક્ષકારો અલગઅલગ ધર્મના છે. અરજીમાં એ વાતનો ઉલ્લેખ કરવામાં આવ્યો ન હતો કે, બે પાર્ટીઓ અલગ-અલગ ધર્મની છે. સોદા અંગે મંજૂરી માગતી અરજીમાં આ પરિબળનો ઉલ્લેખ કરવામાં આવ્યો નથી. જેથી સોદામાં નિયમનો ભંગ થયો છે. છતાં મંજૂરી આપી દેવામાં આવી દેવામાં આવી હતી. ઉપરાંત પડકારતી અરજીમાં જણાવવામાં આવ્યું હતું કે, આ સોદો ગત તારીખ ૧૬-૦૩-૨૦૨૨ના રોજ થયો હતો. જેમાં પ્રકાશ મનુભાઈના હસ્તાક્ષર છે. જેઓ ફરી રચાયેલી ભાગીદાર કંપનીમાં માત્ર દસ ટકા હિસ્સો ધરાવે છે. ૨૨-૦૬-૨૦૧૯ના રેકોર્ડ મુજબ ભાગીદાર કંપની મકસુદ અસ્કુરના નામે નોંધાયેલી છે. જેઓ ૫૦ ટકા હિસ્સો ધરાવે છે. તેમજ મોહમ્મદ ઈરફાન મોહમ્મદમુનિર ચામડિયા ૫૦ ટકા હિસ્સો ધરાવે છે. આ કંપનીની પુર્નઃરચના કરવામાં આવી હતી ત્યાર બાદ હિસ્સાની પણ ફરી વહેંચણી થઈ હતી. ખરીદનારે પોતે લઘુમતી સમાજના હોવાનો ઉલ્લેખ કર્યો ન હતો. અને તમામ હકીકતો દર્શાવ્યા વિના અશાંત ધારા હેઠળ મંજૂરી માંગવામાં આવી હોવાનો આરોપ લગાવવામાં આવ્યો હતો. જેથી તંત્ર દ્વારા તારીખ ૨૨-૦૬-૨૦૨૨ના રોજ સોદા માટે મંજૂરી આપવામાં આવી હતી. કોર્ટમાં અશાંત ધારાના સેક્શન ૭નો પણ ઉલ્લેખ કરવામાં આવ્યો હતો. જો કે અરજદારના આ તમામ વાંધા કલેકટરે ૩૧-૦૩-૨૦૨૨ના રોજ ફગાવી દીધા હતા. ત્યાર બાદ કલેકટરના આ નિર્ણયને પડકારતા ૧૯-૦૪-૨૦૨૨ના રોજ ફરી અરજી દાખલ કરવામાં આવી હતી. ત્યાર બાદ આ સમગ્ર પ્રકરણને પડકારતા હાઈકોર્ટમાં દાખલ કરવામાં આવેલી અરજીના પગલે વકીલ તરફથી દલીલ કરવામાં આવી હતી કે, કાયદામાં અશાંત ધારા અંગે વિસ્તૃત વ્યાખ્યા કરવામાં આવી છે. જો કે બચાવ પક્ષના વકીલ તરફથી એવી દલીલ કરવામાં આવી હતી કે, આ કેસમાં જે અરજી કરવામાં આવી છે ત્રીજી વ્યકિત દ્વારા કરવામાં આવી છે, જેની આ કિસ્સામાં નિર્ણય લેવાની ભૂમિકા નથી. વકીલ તરફથી રજૂઆત કરવામાં આવી હતી કે, તારીખ ૧૫-૧૦-૨૦૨૨ના રોજ અશાંત વિસ્તારને લગતા કાયદામાં સુધારો કરવામાં આવ્યો હતો. જેમાં અશાંત વિસ્તારને આધારે વ્યક્તિના ધ્રૂવીકરણની સંભાવના જોવાની વાત કરવામાં આવી છે. કોર્ટમાં જે રજૂઆત કરવામાં આવી હતી તેમાં જણાવવામાં આવ્યું હતું કે, અશાંત ધારા અધિનિયમમાં સિવાય કે સંદર્ભ અન્યથા જરૂરી હોય. અશાંત ધારાનો અર્થ એ થાય છે કે, તેની ઓળખ આ કાયદાના સેક્શન ત્રણ હેઠળ કરવામાં આવી હોય. આવા વિસ્તારની ઓળખ માટે કાયદામાં ખાસ વ્યાખ્યા કરવામાં આવી છે. જેમાં હુલ્લડ શબ્દનો ઉલ્લેખ છે. શબ્દ હુલ્લડનો ઉલ્લેખ ભારતીય બંધારણના સેકશન ૧૪૬માં થયેલો છે. જેની વ્યાખ્યા સરખી છે. સરકાર કયા પરિબળોના આધારે અશાંત વિસ્તાર કે અશાંત ધારો લાગુ કરી શકે તેની પણ વિસ્તૃત સમજ અપોયલી છે.

# મેળાવડા નહીં કરવાની સલાહ આપતી સરકાર કાર્યક્રમો માટે મક્કમ ! : સતર્ક રહેવાની શીખ

## કોરોનાથી ગભરાવાની જરૂર નથી, કાર્યક્રમો ચલાવો પણ સતર્ક રહો : કેન્દ્રીય મંત્રી

ગાંધીનગર, તા.૨૭

વિશ્વમાં કોરોના વાયરસે ફરી હાહાકાર મચાવી દીધો છે. જેને લઈને ભારત સરકાર એલર્ટ થઈ ગઈ છે. સરકારે વિદેશથી ભારતમાં આવનારા પ્રવાસીઓ માટે ગાઈડલાઈન જાહેર કરી છે. જેમાં સરકારે કહ્યું છે કે ચીન, જપાન, સાઉથ કોરિયા, હૉંગકૉંગ તથા થાઈલેન્ડથી આવતા તમામ મુસાફરોએ આરટીપીસીઆર ટેસ્ટ કરાવવો પડશે. તે ઉપરાંત જો કોરોનાના લક્ષણો દેખાશે તો ક્વોરન્ટીન થવું પડશે. આ સાથે જ અમદાવાદમાં નેશનલ ઈન્ટિટયૂટ ઓફ ફાર્માસ્યુટિકલ એજયુકેશન એન્ડ રિસર્ચ (નાઈપર)ના ૯મા કોન્વોકેશનમાં આવેલા કેન્દ્રીય આરોગ્ય મંત્રીએ નિવેદન આપતાં કહ્યું હતું કે, કોવિડ મહામારીને ફેલાતી અટકાવવા ભારત સરકાર એલર્ટ છે. લોકોએ ગભરાવાની જરૂર નથી. પરંતુ તેમની કથની અને કરનીમાં ભેદભાવ હોવાથી લોકો પણ મૂંઝવણમાં મૂકાયા હતાં. તેમણે સરકારી ઉત્સવોને લઈને ગોળગોળ જવાબ આપ્યો હતો. તેમણે કહ્યું હતું કે, કાર્યક્રમો ચલાવો પણ સતર્કતા રાખો. અમદાવાદમાં યોજાનારા કાંકરિયા કાર્નિવલ અને ફલાવર શોને લઈને તેમણે કહ્યું હતું કે, કાર્યક્રમો ચલાવો પણ સતર્ક રહો. દરેક નાગરીક કોવિડ પ્રોટોકોલનું પાલન કરે. ચોથી વેવ દેશમાં ન આવે તે માટે સતર્કતા રાખવી જરૂરી છે. એક તરફ સરકાર સોશિયલ ડિસ્ટન્સ રાખીને મેળાવડા નહીં કરવાની સુફિયાણી સલાહ આપી રહી છે. તો બીજી બાજુ ખુદ કેન્દ્રીય આરોગ્ય મંત્રી સરકારના ઉત્સવોને લઈને ગોળગોળ જવાબો આપી રહ્યાં છે. અમદાવાદમાં કાંકરિયા કાર્નિવલ અને ફલાવર શો યોજાશે કે નહીં તે અંગે તેઓ ખુદ મૂંઝવણમાં જોવા મળ્યા હતાં. ઈન્ડિયન મેડિકલ એસોસિએશને પણ મેળવડા નહીં કરવાની સલાહ આપી છે. તેમણે કહ્યું હતું કે, લોકોએ માસ્ક પહેરવું જોઈએ અને સરકારે તૈયાર કરેલી ગાઈડલાઈનનું પાલન કરવું જોઈએ. કોરોનાના સંકટને ધ્યાનમાં લઈને વિદેશથી ભારત આવતાં લોકો માટે કેન્દ્ર સરકારે મહત્વનો નિર્ણય લીધો છે. સરકાર દ્વારા જરૂરી ગાઈડલાઈન પણ બહાર પાડવામાં આવી છે. જે અંતર્ગત ભારતમાં આજથી જ ચીન, જાપાન, સાઉથ કોરિયા, હૉંગ કૉંગ તથા થાઈલેન્ડથી આવતાં તમામ મુસાફરોએ આરટીપીસીઆર ટેસ્ટ કરાવવો પડશે અને જો લક્ષણ ધરાવતા હશે તો કવોરન્ટાઈન રહેવું પડશે. કોરોનાના વધતા ખતરાને જોતા આંતરરાષ્ટ્રીય મુસાફરોના આરટીપીસીઆર ટેસ્ટ શરૂ કરી દેવાનો નિર્ણય કરવામાં આવ્યો છે. ઈન્ડિયન કાઉન્સિલ ફોર મેડિકલ રિસર્ચ (આઈસીએમઆર)ના વૈજ્ઞાનિકે કહ્યું કે, 'હાલમાં ભારતમાં કોરોનાનો દૈનિક પોઝિટિવ દર ઓછો છે. આમાં કોઈ ખાસ વધારો જોવા મળી રહ્યો નથી, પરંતુ એવું થઈ શકે છે કે આ વાયરસ પરિવર્તિત થઈ જાય. જો કે આનો અર્થ એ નથી કે આનાથી મૃત્યુદરમાં વધારો થશે, પરંતુ કેસોમાં જરૂરથી વધારો થઈ શકે છે આ કારણથી વૃદ્ધોએ સાવચેત રહેવાની જરૂર છે.

# રાજયમાં આતંકવાદીઓથી પણ વધુ ભયાનક ખતરો રખડતાં ઢોરોનો છે

ગાંધીનગર, તા.૨૭

હાઈકોર્ટના કડક આદેશો બાદ પણ રાજયમાં રખડતા ઢોરનો ત્રાસ સતત વધી રહ્યો છે. લોકો રખડતા ઢોરથી ત્રાહિમામ પોકારી ઉઠયાં છે. ત્યારે ભાજપના અગ્રણી નેતાએ આંતકવાદીઓથી પણ વધુ ભયાનક ખતરો કોઈનો હોય તો તે રખડતા ઢોરનો છે તેમ લખી વડાપ્રધાન મોદી, કેન્દ્રિય ગૃહ મંત્રી અમિત શાહ, મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ અને સી.આર. પાટીલને ટેગ કરીને એક ટ્વીટ કર્યું છે. રખડતા ઢોરના ત્રાસને આંતકવાદીઓથી પણ ભયાનક ગણાવી તંત્ર ઝડપથી ઉકેલ શોધે તેમ જણાવતા ટ્વીટ ચર્ચાસ્પદ બન્યું છે. ભાજપના અગ્રણી ડૉ. ભરત કાનાબારે ટ્વીટમાં લખ્યું હતું કે, આંતકવાદીઓથી પણ વધુ ભયાનક ખતરો કોઈનો હોય તો તે રખડતા ઢોરનો છે જે ગમે ત્યારે કોઈ પણ નિર્દોષ નાગરિકનો ભોગ લઈ શકે છે. સમગ્ર દૂનિયાને હચમચાવી નાખનાર કોરોના વાયરસને સફળતાપૂર્વક નાથનાર તંત્ર આ સમસ્યાનો ઉકેલ ઝડપથી શોધે તેવું લોકો ઈચ્છી રહ્યા છે. સમગ્ર રાજયમાં આખલા અને રખડતા ઢોરનો ત્રાસ સતત વધી રહ્યો છે. જેના કારણે અનેક લોકોએ જીવ પણ ગુમાવ્યા છે. સ્થાનિક લેવલે તંત્ર આ પ્રશ્નને ઉકેલવામાં નિષ્ફળ જવાના કારણે બનાવો દિનપ્રતિદિન વધી



રહ્યા છે. રખડતા ઢોરને લઈ શહેરી વિસ્તારમાં રોષ જોવા મળી રહ્યો છે. આ મામલે અમરેલી ભાજપના નેતા ડો.ભરત કાનાબારે વડાપ્રધાન નરેન્દ્ર મોદી, કેન્દ્રીય ગૃહ મંત્રી અમિત શાહ, મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલ અને પ્રદેશ પ્રમુખ સી.આર પાટીલને સંબોધી ટ્વીટ કર્યું છે. એટલે કે એક રીતે કહીએ તો રાજયની ભાજપ સરકારની ભાજપના જ અગ્રણીએ નિષ્ફળતા દર્શાવી સરકારી કામગીરી સામે પ્રશ્નો ઊભા કરતા રાજકીય માહોલ ગરમાવા સાથે ચર્ચાઓ શરૂ થઈ જવા પામી છે.

# PM મોદીના પોશાક અંગે કીર્તિ આઝાદના ટ્વિટની તૃણમૂલ કોંગ્રેસે કડક નિંદા કરી : 'અમે ભારતની વિવિધતાને સમર્થન આપીએ છીએ'

નવી દિલ્હી, તા.૨૭

તૃણમૂલ કોંગ્રેસે તાજેતરમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદી દ્વારા પહેરવામાં આવેલા પોશાક ઉપર પક્ષના નેતા કીર્તિ આઝાદના ટ્વિટની આકરી નિંદા કરી હતી અને કહ્યું કે, તેઓ ભારતની વિવિધતાને સામર્થન આપે છે અને આપણા રાષ્ટ્રની જીવંત સાંસ્કૃતિનું સન્માન કરીએ છીએ. મમતા બેનરજીની આગેવાનીવાળી તૃણમૂલ કોંગ્રેસે લખ્યું કે, 'ગર્વથી અમે વિવિધ લોકોની વંશિય પરંપરાઓની ઉજવણી કરીએ છીએ અને તેમનો સશક્ત બનાવવાનો પ્રયાસ કરીએ છીએ. અમે કીર્તિ આઝાદની ટિપ્પણીને સમર્થન આપતા નથી અને તેને સખત રીતે વખોડીએ છીએ. તેમની ટિપ્પણી પાર્ટીના વિચારોને દર્શાવતી નાથી.' જો કે, ત્યારબાદ કીર્તિ આઝાદે કહ્યું કે, તેમની વાતનું ખોટું અર્થઘટન કરાયું છે અને જો કોઈની લાગણી દુભાઈ હોય તો તેઓ આ માટે માફી માંગે છે. કીર્તિ આઝાદ દ્વારા કરાયેલી અને હાલમાં કાઢી નાખવામાં આવેલી પોસ્ટમાં નવેમ્બર ૨૦૨૧માં કોંગ્રેસમાંથી ટીએમસીમાં જોડાયેલા પૂર્વ ક્રિકેટરે પીએમ મોદી ઉપર કટાક્ષ કર્યો હતો અને તેમના કહેવા અનુસાર આ એક મહિલાનો પોશાક છે. તૃણમૂલ નેતાએ કહ્યું કે, 'તેઓ પુરૂષ કે સ્ત્રી નાથી પરંતુ ફેશનના પુજારી છે.' આ પોસ્ટ બાદ ઉત્તરપૂર્વમાં ભાજપના મુખ્યમંત્રી અને તેના અનુસૂચિત જનજાતિ મોરચા તરફથી આકરી પ્રતિક્રિયાઓ આવી હતી. પોતાનો બચાવ કરતાં ભાજપના પૂર્વ સાંસદે કહ્યું કે, તેમણે પોશાકનો અનાદર કર્યો નથી પરંતુ તેનો પસંદ કરે છે. તેમણે કહ્યું કે, હું એ દર્શાવવાનો પ્રયાસ કરૂં છું કે, આપણા વડાપ્રધાન ફેશન સ્ટેટમેન્ટ બનાવવાનું પસંદ છે, તેઓ આમાં કોઈ તક ચૂકતા નથી. આ વિવાદિત ટિપ્પણી એવા સમયે આવી છે જયારે મેઘાલયમાં ટૂંક સમયમાં જ ચૂંટણીઓ આવી રહી છે જે ફેબ્રુઆરી અથવા માર્ચમાં યોજાઈ શકે છે.

# ૨૦૨૩નું વર્ષ વિપક્ષી એકતા માટે માત્ર મૃગજળ બની રહેશે ?

નવી દિલ્હી તા.૨૭

વડાપ્રધાન નરેન્દ્ર મોદીને ૨૦૨૩માં અસંખ્ય પડકારોનો સામનો કરવો પડી શકે છે. ૧૦ લાખથી વધુ સરકારી ખાલી જગ્યાઓ ભરવાના તેમના મહત્વાકાંક્ષી વચનમુજબ જમ્મુ અને કાશ્મીરમાં વિધાનસભાની ચૂંટણીઓ યોજવી વગેરે. વર્ષ ૨૦૨૩ મોદી અને વિપક્ષ બંને માટે 'સેમિ-ફાઈનલ' છે. આગામી વર્ષ શાસક ભારતીય જનતા પાર્ટીની આગેવાની હેઠળના નેશનલ ડેમોક્રેટિક એલાયન્સ **(NDA)** અને વિપક્ષ - હાલમાં કોંગ્રેસની આગેવાની હેઠળના યુનાઈટેડ પ્રોગ્રેસિવ એલાયન્સ **(UPA)**, બંને માટે અને આમ આદમી પાર્ટી **(AAP)**, તૃણમૂલ કોંગ્રેસ અને ભારતીય રાષ્ટ્રીય સમિતિ નિર્ણાયક છે. મોદી અને કોંગ્રેસના રાહુલ ગાંધી અને મલ્લિકાર્જુન ખડગેથી લઈને **AAO**ના અરવિંદ કેજરીવાલ, **TMC**ના મમતા બેનરજી અને કે ચંદ્રશેખર રાવ સુધીના તેમના રાજકીય વિરોધીઓ માટે, ૨૦૨૩, ૨૦૨૪ની સામાન્ય ચૂંટણીઓ પહેલાં 'સેમિ-ફાઈનલ' છે. સમગ્ર રાજ્યો અને નગરપાલિકાઓમાં ૨૦૨૨ દરમ્યાન યોજાયેલી ચૂંટણીની શ્રેણીએ 'ભાજપનો ફાયદો' દર્શાવ્યો હતો. હિમાચલ પ્રદેશની ચૂંટણીના ચુકાદાએ મોદી માટે એક મહત્વપૂર્ણ સંદેશ આપ્યો છે, અને ગુજરાત વિધાનસભાની ચૂંટણીમાંથી વિપક્ષે ઘણું શીખવાનું છે. હિમાચલ પ્રદેશમાં લગભગ ૯૬ ટકા હિંદુ વસ્તી છે જેમાં ૬૦ ટકાથી વધુ ઉચ્ચ જાતિના લોકો છે, પરંતુ મોદી મેજિક મેળવેલ સીટોની દ્રષ્ટિએ નિષ્ફળ ગયો છે. ૨૦૨૩માં યોજાનારી ૧૦ વિધાનસભાની ચૂંટણીઓ મોદી તેમજ કોંગ્રેસ માટે લિટમસ ટેસ્ટ હશે, ખાસ કરીને કર્ણાટક, રાજસ્થાન, છત્તીસગઢ અને મધ્ય પ્રદેશમાં જ્યાં કોંગ્રેસ અને ભાજપ સીધી હરીફાઈમાં હશે. આ ચૂંટણીઓ કર્ણાટક અને રાજસ્થાનના ગ્રાઉન્ડ રિપોર્ટ્સમાં શાસનનું પરિવર્તન સૂચવે છે. શું કોંગ્રેસ મધ્યપ્રદેશને ભાજપના ચુંગાલમાંથી છીનવી શકશે અથવા આદિવાસીઓ અને પછાત વર્ગોમાં મોદીની પહોંચ છત્તીસગઢમાં ભૂપેશ બઘેલ શાસનની હાર સુનિશ્ચિત કરી શકશે ? વિપક્ષ માટે રાજકીય અંકગણિત એકદમ સરળ છે. જો બીજેપીને હિન્દી હાર્ટલેન્ડમાં, મધ્યપ્રદેશ, રાજસ્થાન અને છત્તીસગઢ (૬૫ લોકસભા બેઠકોનું યોગદાન) રાજ્યોમાં અને કર્ણાટક (૨૮ લોકસભા)માં પરાજિત થાય, તો મોદી માટે ૨૦૨૪ માટેનો રસ્તો જટિલ બનશે. જ્યારે ૧૮મી લોકસભા સાથે ૨૦૨૩ની વિધાનસભાની ચૂંટણીઓ વચ્ચેનો



સહસંબંધ સચોટ ન હોઈ શકે, ત્યારે વિપક્ષ કોંગ્રેસ અને પ્રાદેશિક પક્ષો ૨૭૩ લોકસભા બેઠકોમાંથી અડધી સીટોને નિશાન બનાવવા માંગે છે. કોંગ્રેસ હાલમાં નેતૃત્વના મુદ્દાનું સમાધાન કરવા છતાં પોતાનું ઘર અને વ્યવસ્થા જાળવવા માટે સંઘર્ષ કરી રહી છે. એઆઈસીસીના વડા ખડગે કદાચ મે ૨૦૨૩ની કર્ણાટક વિધાનસભા ચૂંટણી પછી વધુ આત્મવિશ્વાસ મેળવશે જે તેમનું ગૃહ રાજ્ય છે, અને તે પહેલાં, ફેબ્રુઆરીની એઆઈસીસીમાં કોંગ્રેસની નવી કાર્યકારી સમિતિની પસંદગી કરવામાં આવશે. આવનારૂ વર્ષ,૨ તે અર્થમાં, ગાંધી કરતાં ખડગેનું વર્ષ વધુ મહત્વનું હોઈ શકે છે, રાહુલ તેમની ભારત જોડો યાત્રા પૂર્ણ કરશે, અને 'હાથ સે હાથ જોડો અભિયાન'ના નામે બીજી એક યાત્રા શરૂ કરશે. ગાંધી પદયાત્રામાં વ્યસ્ત છે, ત્યારે ખડગેપાસે બેનરજી, તેજસ્વી યાદવ, નીતિશ કુમાર, એમકે સ્ટાલિન, વી કુમારસ્વામી, ચંદ્રાબાબુ નાયડુ, અખિલેશ યાદવ અને અન્ય વાતચીત કરવાની ભૂમિકા અને જવાબદારી છે. ૨૦૨૪ની સંસદીય ચૂંટણી માટે મહારાષ્ટ્ર, પશ્ચિમ બંગાળ, બિહાર, ઉત્તર પ્રદેશ, તમિલનાડુ, કર્ણાટક, આંધ્રપ્રદેશ અને બાકીના રાજયોમાં તેમણે કામ કરવું પડશે. રાવ ૨૦૨૪ની લોકસભા ચૂંટણીમાં બીજેપીને હરાવવા માટે અન્ય વિપક્ષી પાર્ટીઓ સાથે મળીને મોટો મોરચો બનાવવાનો પ્રયાસ કરી રહ્યા છે. પરંતુ ૨૦૨૩માં તેમના પોતાના ગઢ તેલંગાણામાં વિધાનસભા ચૂંટણી તેમની કસોટી કરશે. રાજસ્થાન કોંગ્રેસ માટે અને ખડગે માટે એસિડ ટેસ્ટ બની રહ્યું છે. રાજસ્થાનમાં ગ્રાઉન્ડ રિપોર્ટ્સ સ્પષ્ટ છે કે મુખ્ય પ્રધાન અશોક ગેહલોત અને સચિન પાયલોટ વચ્ચેની દુશ્મનાવટ એ રાજયમાં એકમાત્ર મુદ્દો છે. ગેહલોતને મોટાભાગે એવા નેતા તરીકે જોવામાં આવે છે. ગુજરાતમાં કેન્દ્રીય નિરીક્ષક તરીકે તેમની નિસ્તેજ કામગીરીને કારણે ભાજપે સર્વકાલીન ઉચ્ચ વિજય મેળવ્યો હતો.

## રાજ્યના હજારો વિદ્યાર્થીઓને રિપીટ કરવી પડશે પ્રી-પ્રાયમરી સ્કૂલ !

# રાજ્યમાં ધોરણ-૧માં પ્રવેશ માટેના નવા નિયમનો કડકાઈથી અમલ થશે

અમદાવાદ, તા.૨૭

રાજયમાં નવા શૈક્ષણિક સત્રથી ધોરણ ૧માં પ્રવેશ મેળવવા માટેની વયમર્યાદા વધારીને ૬ વર્ષ કરી દેવાઈ છે. રાઈટ ટુ એજ્યુકેશન એક્ટ **(RTE)**ના નિયમ અંગતર્ગત ૨૦૨૩-૨૪થી ફરજિયાતપણે છ વર્ષ પૂર્ણ કરનારા બાળકને જ પહેલા ધોરણમાં પ્રવેશ અપાશે. સરકારના આ નિર્ણયના કારણે હજારો વિદ્યાર્થીઓને પ્રી-પ્રાયમરી રિપીટ કરવું પડી શકે છે. ૧ જૂન ૨૦૨૩ સુધીમાં જે વિદ્યાર્થીઓને છ વર્ષ પૂર્ણ થવામાં થોડાક મહિના કે દિવસો ખૂટતા હોય તેમને આ નિયમમાંથી બાકાત રાખવામાં આવે તેની રજૂઆત વાલીઓના પ્રતિનિધિઓ દ્વારા મોટા શહેરોના જિલ્લા શિક્ષણ અધિકારીઓ **(DEO)** સમક્ષ કરવામાં આવી હતી. જો કે અધિકારીઓનું કહેવું છે કે, વયમર્યાદાના માપદંડનું પાલન ૨૦૨૩થી કડકાઈથી કરવામાં આવશે. રાજયના શિક્ષણ સચિવે જણાવ્યું હતું કે, "ધોરણ ૧માં છ વર્ષ પૂર્ણ કર્યા હોય તેવા જ વિદ્યાર્થીને પ્રવેશ આપવાના માપદંડના કારણે હજારો વિદ્યાર્થીઓને પ્રી-પ્રાયમરીનું શિક્ષણ રિપીટ કરવું પડી શકે છે." અત્રે ઉલ્લેખનીય છે કે, પ્રી-પ્રાયમરીમાં એડમિશનની પ્રક્રિયા અગાઉ રાજ્ય સરકાર નિયંત્રિત નહોતી એટલે જ નર્સરી, જૂનિયર અને કિન્ડરગાર્ટનમાં પ્રવેશ મેળવવા માટે વયમર્યાદાનો કોઈ માપદંડ નહોતો. પરિણામે એવા અસંખ્ય કિસ્સા છે જેમાં અઢી વર્ષના બાળકને નર્સરી સ્કૂલમાં પ્રવેશ આપી દેવાયો હોય. જો કે, આખરે હવે વયમર્યાદા ઉપર નિયંત્રણ મૂકવામાં આવ્યું છે. ઘણાં વાલીઓ હજી પણ આ નિયમ પચાવી નથી શક્યા. આ મહિનાની શરૂઆતમાં જ ગુજરાત હાઈકોર્ટે વડોદરાના કેટલાક વાલીઓની અરજીને ફગાવી હતી. વાલીઓએ અરજીમાં રજૂઆત કરી હતી કે, તેમના બાળકોને ૨૦૨૩માં ધોરણ ૧માં પ્રવેશ આપવા માટે તેઓ ખાનગી સ્કૂલને નિર્દેશો આપે. સ્કૂલે નવા નિયમને આગળ ધરીને બાળકોને નવા શૈક્ષણિક વર્ષમાં પહેલા ધોરણમાં પ્રવેશ આપવાનો ઈનકાર કર્યો હતો. જેથી વાલીઓએ ફરિયાદ કરી કે, જ્યારે બાળકોનું પ્રી-પ્રાયમરીમાં એડમિશન લીધું ત્યારે સ્કૂલે વચન આપ્યું હતું કે, ૨૦૨૩માં તેમને પ્રાયમરીમાં પ્રવેશ આપી દેશે. અમદાવાદમાં પણ રોજ ત્રણથી પાંચ વાલીઓ જિલ્લા શિક્ષણ અધિકારીની કચેરીએ એ જ આશાએ જાય છે કે, તેમને રાહત મળશે. પરંતુ તેમને ધરમ ધક્કો જ પડે છે. 'વયમર્યાદાનો નિયમ ૨૦૨૩થી જ લાગુ થઈ જશે અને તેમાં વાલીઓ કે સ્કૂલોને કોઈ રાહત આપવામાં નહીં આવે. ૧ જૂન ૨૦૨૩ના રોજ છ વર્ષ પૂર્ણ થવામાં થોડાક મહિના કે દિવસો ખૂટતા હોય તેવા વિદ્યાર્થીઓના વાલીઓના પ્રતિનિધિઓ તરફથી અમને કેટલીય રજૂઆતો કરવામાં આવી છે પરંતુ તેમની માગ સ્વીકારી નથી", તેમ અમદાવાદ શહેરના **DEO** આર. એમ. ચૌધરીએ જણાવ્યું હતું.

# નાતાલ પર્વની ઉજવણી કરવા દ્વારકામાં મહેરામણ ઉંમટ્યું

## યાત્રિકોની ભારે ભીડને લઈ રહેઠાણના સ્થળો ભરચક, સંભવિત કોરોનાને લઈ તંત્રએ ધ્યાન આપવું અતિ જરૂરી



(રાકેશ સામાણી દ્વારા)

દ્વારકા તા.૨૭

દેવભૂમિ દ્વારકામાં હાલ નાતાલ પર્વને લઈને યાત્રિકોની ભારે ભીડ ઉમટી રહી છે. એક તરફ કોરોનાનો ખતરો ફરી મંડરાય રહ્યો છે ત્યારે બીજી તરફ લોકો વેકેશનમા પરિવાર સાથે નીકળી પડયા છે. જેમાં યાત્રાધામ દ્વારકામાં નાતાલ પર્વ ઉપર યાત્રિકોની ભારે ભીડ જોવા મળી રહી છે.જેને લઈ હાલ દ્વારકા મંદિર પરિસર તેમજ બહાર લાંબી કતારોમાં યાત્રિકો જોવા મળી રહ્યા છે. ગઈકાલ તા.૨૫ ડિસેમ્બરથી નાતાલનું વેકેશન શરૂ થતાની સાથે જ યાત્રિકો પરિવાર સાથે નાતાલના મીની વેકેશનમાં દ્વારકા આવી પહોંચ્યા છે. ત્યારે હોટેલો અને ગેસ હાઉસ સહિતના રહેઠાણના સ્થળો ફૂલ થઈ ચુકી છે. પ્રવાસીઓ ઉપર આર્થિક રીતે નિર્ભર રહેતી દ્વારકા નગરી ફરી યાત્રિકોની ભીડથી ધમધમી ઉઠી છે અને વેપાર ધંધામાં પણ તેજી જોવા મળી રહી છે. યાત્રિકોની ભીડ થવાંથી નાના મોટા તમામ વેપાર ધંધામાં હાલ ખુબ તેજી આવી ગઈ છે. આ ઉપરાંત દ્વારકાના આસપાસના તમામ પ્રવાસન સ્થળો ઉપર યાત્રિકોની ભારે ભીડ ઉમટી રહી છે. દ્વારકાધીશ મંદિરના છપ્પ્ર સીડી તેમજ મોક્ષ દ્વારે પણ લાંબી કતારોમાં યાત્રિકો જોવા મળી રહ્યા છે. હાલ એક તરફ કોરોનાંના નવા વેરીએન્ટ એફબી-૭ એ દસ્તક દીધી છે. ત્યારે બીજી તરફ યાત્રિકોની વધતી ભીડ તંત્રની ચિંતા પણ વધારી શકે છે. આવી ભીડ વચ્ચે કોવીડ નિયમોનું પાલન કરાવવુ અશક્ય છે. આટલી ભીડ વચ્ચે સોસીયલ ડિસ્ટન્સ જાળવવુ પણ મુશ્કેલ છે. ત્યારે આ ખતરા વચ્ચે યાત્રિકો જાણે અજાણ બની એકદમ બિન્દાસ વેકેશનનો આનંદ માણી રહ્યા છે. તો બીજી તરફ પોલીસ અને પ્રસાસન ભીડ વધતા સતર્ક બની ગયું છે અને સુરક્ષા વધારી દેવાઈ છે અને યાત્રિકોની સુરક્ષા સલામતીને ધ્યાને લઈ કાળજી લેવાઈ રહી છે. સાથે ચોરીના બનાવો ના બને તે માટે પોલીસ દ્વારા ચાંપતો બંદોબસ્ત ગોઠવાયો છે. સાથે કેમેરાથી બાજ નજર પણ રાખવામાં આવી રહી છે.

### ગીર સોમનાથ જીલ્લા પુર્વ કલેકટર

## અજય પ્રકાશને રાજય સરકારે બેસ્ટ કલેકટર-જીલ્લા વિકાસ અધિકારી તરીકે સન્માનિત એવોર્ડ એનાયત કર્યો






(મિનાક્ષી ભાસ્કર વૈદ્ય દ્વારા)

જૂનાગઢ તા. ૨૭

ગીર સોમનાથ જીલ્લાના પુર્વ કલેકટર અને જૂનાગઢના પર્વ જીલ્લા વિકાસ અધિકારી અજય પ્રકાશને વર્ષ ૨૦૧૮-૧૯માં ગીર સોમનાથ જીલ્લા જૂનાગઢ જીલ્લામાં શ્રેષ્ઠ કામગીરી બદલ બેસ્ટ કલેકટર અને બેસ્ટ જૂનાગઢ જીલ્લા વિકાસ અધિકારી તરીકેનો એવોર્ડ તા.૨૫ ડીસેમ્બરે બાજપાઈજીના જન્મદિવસ 'સુશાસન'ના દિવસે ગાંધીનગર ખાતેરાજયના મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલના હસ્તે અપાયો હતો.

તા.૧૫જુન, ૧૯૮૫ના રોજ બિહાર ખાતે જન્મેલા તેઓ આ અગાઉ નવસારીમાં મદદનીશ કલેક્ટર, જૂનાગઢ જીલ્લા વિકાસ અધિકારી અને હાલ રાજય આરોગ્ય કમિશ્નર કચેરીના ચીફ પર્સોનલ ઓફીસર તરીકે કાર્યરત છે. ૨૦૧૧ની બેંચના એવા અજય પ્રકાશ એવોર્ડથી સન્માનિત થતા તેમની ઉપર ઠેર-ઠેરથી અભિનંદન અને શુભેચ્છાઓનો વરસાદ વરસી રહયો છે.

# કાંકરીયા કાર્નિવલ મેળામાં ચોરીનાં બનાવ બને નહીં તે માટે અમદાવાદ પોલીસ દ્વારા ખાસ વ્યવસ્થા



અમદાવાદ, તા.૨૭

અમદાવાદ શહેરના પોલીસ કમિશ્નર સંજય શ્રીવાસ્તવ તથા સંયુકત પોલીસ કમિશ્નર એમ.એસ. ભરાડા દ્વારા અમદાવાદ શહેરના મણિનગર ખાતે યોજાયેલ કાંકરિયા કાર્નિવલ મેળામાં લોકોના મોબાઈલપર્સની ઉઠંતરી તથા ચોરીના બનાવો અટકાવવા માટે ખાસ વ્યવસ્થા ગોઠવવામાં આવેલ હતી. આ માટે લોકલ ક્રાઈમ બ્રાન્ચ, ડી સ્ટાફ તેમજ સી-ટીમના ચુનંદા જવાનોને સાદા ડ્રેસમાં મેળામાં બંદોબસ્તમાં તૈનાત કરવામાં આવેલ છે, સાથે સાથે મોબાઈલ ચોરી તથા પર્સ ચોરીના ગુનાઓ અટકાવવા માટે લોકોને જાગૃતિ લાવવા પણ ખાસ વ્યવસ્થા કરવામાંઆવેલ છે.

અમદાવાદ શહેરના સંયુક્ત પોલીસ કમિશ્નર એમ.એસ. ભરાડા તથા નાયબ પોલીસ કમિશ્નર એ.એમ. મુનીયા દ્વારા કાંકરિયા કાર્નિવલ મેળામાં આવતા લોકોને સાવચેત કરવા માટે જે ડિવિઝનના એસીપી પ્રદિપસિંહ જાડેજાના માર્ગદર્શન હેઠળ મણિનગર પોલીસ સ્ટેશનના પીઆઈ ડી.પી. ઉનડકટ, પીએસઆઈ સી.બી.ગોસ્વામી તથા સ્ટાફના હે.કો. અર્જુનસિંહ, મિતેશકુમાંર, અશોકકુમાર, મહેન્દ્રસિંહ, ભીમાભાઈ, જામાભાઈ, સંજયભાઈ, રાજુભાઈ, સહિતની ટીમ દ્વારા જાહેર સ્થળોએ આશરે ૧૦૦જગ્યાઓ ઉપર લોકોને સાવચેતી રાખવા માટે પોસ્ટર લગાડવામા આવેલ છે તેમજ એફ.એમ. રેડિયો જૂનાગઢના આર.જે. અજયની મદદથી ઓડિયો કલીપ બનાવી, કાંકરિયા કાર્નિવલ મેળામા જ્યાં જ્યાં માઈકની સુવિધાઓ હતી ત્યાં તેમજ મહાનગરપાલિકા દ્વારા રાખવામાં આવેલ કન્ટ્રોલ રૂમ ઉપર આ કલિપ આપી લોકોને સાવચેત રાખવા માટે બનાવવામાં આવેલ ઓડિયો કિલપ સમગ્ર કાંકરિયા કાર્નિવલ મેળામાં આવતા લોકોને સંભાળાય શકે તેવી ખાસ વ્યવસ્થા ગોઠવી મેળામાંઆવતા યાત્રાળુઓને વારંવાર સાવચેત રહેવા જાણ કરવાની અલગ વ્યવસ્થાના નવતર પ્રયોગ/ અભિગમ હાથ ધરવામાં આવેલ છે.

કાંકરિયા કાર્નિવલ મેળામાં આવતા યાત્રાળુઓની થોડી બેદરકારીના કારણે ઉઠાવગીરો ભીડનો ફાયદો ઉઠાવી મોબાઈલ ચોરી, પર્સ ચોરી કરવામાં સફળ થતા હોયછે જેથી મેળામાંઆવતા લોકોને સાવચેત કરવા માટે જે ડિવિઝનના એસીપી પ્રદિપસિંહ જાડેજાના માર્ગદર્શન હેઠળ મણિનગર પોલીસ સ્ટેશનના પીઆઈ ડી.પી. ઉનડકટ, પીએસઆઈ સી.બી.ગોસ્વામી તથા સ્ટાફના હે.કો. અર્જુનસિંહ, મિતેશકુમાંર, અશોકકુમાર, મહેન્દ્રસિંહ, ભીમાભાઈ, જામાભાઈ, મહેન્દ્રસિંહ, સંજયભાઈ, રાજુભાઈ, સહિતની ટીમ દ્વારા જાહેર સ્થળોએ પોતાના મોબાઈલ , પર્સ,સામાન, સાંભળીને રાખવા, ખિસ્સા કાતરૂઓથી સાવધાન રહેવું,વગેરે સૂત્રો લખેલા પોસ્ટર તથા ઉપરોકત બનાવેલ ઓડિયો કલીપ દ્વારા સતત કાંકરિયા કાર્નિવલ મેળામાં આવતા યાત્રાળુઓને સાવચેત કરવામાં આવે છે. અમદાવાદ શહેરના સંયુક્ત પોલીસ કમિશ્નર એમ એસ. ભરાડા તથા નાયબ પોલીસ કમિશ્નર એ.એમ. મુનીયા દ્વારા યાત્રાળુઓને સાવચેત કરવા અપનાવવામાં આવેલ નવતર અભિગમ આધારે યાત્રાળુઓના મોબાઈલ, પર્સ, સર સામાનની ચીરીના બનાવો અટકાવવા પ્રયત્નો કરી, સુરક્ષા સાથે સેવાનું ઉત્તરદાયિત્વ નિભાવી, પોલીસ પ્રજાની મિત્ર છે એ સૂત્ર અમદાવાદ શહેર પોલીસએ સાર્થક કર્યું છે.

## નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટના કેસમાં એક વર્ષ કેદની સજા ફટકારતી જૂનાગઢ કોર્ટ

જૂનાગઢતા.૨૭

જૂનાગઢની કોર્ટે ચેક રીટર્ન અંગેના કેસમાં આરોપીને ત્રણ માસની કેદ તથા દંડની સજાનો હુક્મ કરેલછે. આ કેસની વિગત એવી છે કે, જૂનાગઢના રહીશ ધર્મેશ જયસ્વાલે તેમના મિત્ર કમલેશભાઈ દવે પાસેથી મિત્રતાના દાવે રૂા.૩ લાખ હાથ ઉછીના લીધેલ હતા. આ રકમ ચુકવવા ધર્મેશભાઈ જયસ્વાલે કમલેશભાઈ દવેને ચેક આપેલો તે ચેક કમલેશભાઈએ પોતાના બેંક એકાઉન્ટમાં નાખતા ચેકબાઉન્સ થયેલ હતો. જેની ફરીયાદ કમલેશભાઈએ આરોપી ધર્મેશ સામે જૂનાગઢની કોર્ટમાં ફોજદારી કેસ દાખલ કરેલ હતો. તાજેતરમાં આ કેસની સુનાવણી નામદાર કોર્ટમાં હાથ ધરાતા ચીફ જયુડીશ્યલ કોર્ટે આરોપી ધર્મેશભાઈ જયસ્વાલને એક વર્ષની કેદ અને રૂા.૩,૩૦,૦૦૦/-નો દંડ ફટકારેલ છે. અને દંડ ન ભરે તો ત્રણ માસની સાદી કેદની સજાનો હુકમ કરેલ છે. આ કેસમાં આરોપીએ સજાના હુકમ સામે નામદાર સેશન્સ કોર્ટમાં અપીલ દાખલ કરેલ હતી. જેથી સેશન્સ કોર્ટે બંને પક્ષકારોને સાંભળીને નીચેની અદાલતનો હુકમ યોગ્ય જણાવી કાયમ રાખવાનો હુકમ ફરમાવતા આરોપી ધર્મેશ જયસ્વાલ કોર્ટમાં હાજર હોયતેને કસ્ટડીમાંલઈ જેલ હવાલે કરવામાં આવેલ હતો. આ કેસમાં ફરીયાદી કમલેશભાઈ દવે તરફે જૂનાગઢના એડવોકેટ શશીકાંતભાઈ બોરીચાંગર રોકાયેલા હતા.

## નુરી કલિનિક એન્ડ નિદાન કેન્દ્રમાં સમુહ ખત્ના કેમ્પનું શાનદાર આયોજન



જૂનાગઢતા.૨૭

જૂનાગઢના ખાનકાહે રઝવિય્યાહના ગુલઝારબાપુ નુરી દ્વાર ચાલતું નુરી કલિનિક એન્ડ નિદાન કેન્દ્ર ખાતે તા.૨૫/૧૨/ ૨૦૨૨ રવીવારે સવારે ૧૦ કલાકે સમુહ ખત્ના કેમ્પનું શાનદાર આયોજન કરવામાં આવેલ હતું. આ સમુહ ખત્નામાં જનાબ ડો. હાજી ઈમરાનભાઈ ધોરાજી વાળા હાજર રહી દરેક બાળકોની સુંદર રીતે કોઈ પણ જાતની બાળકને તકલીફ થયા વગર ખત્ના કરી આપેલ હતી.

આ ખત્ના કેમ્પ કરવાનો હેતું મુસ્લિમ સમાજમાં ખત્નાના નામે ચાલતા કુરીવાજો જેવા કે, જાગરણ, ડી.જે. વરઘોળા વગેરે ફઝુલ ખર્ચાઓને દુર કરવાનો હતો. આ ખત્ના કેમ્પમાં જૂનાગઢ, જેતપુર, હડમતીયા બિલખા, વિસાવદર, ધોરાજી તેમજ આજુબાજુના ગામડાઓમાંથી અસંખ્ય લોકોએ લાભ લીધો હતો.

આ ખત્ના કેમ્પમાં જનાબ અલાઉદ્દીનભાઈ રઝવી, શેહઝાદ એ હુઝુર ગુલઝારે મિલ્લત જનાબ મોઈનબાબા નુરી, ઈકરાફભાઈ ગફુલી, બી. એસ. બાબી, ઈબ્રાહિમભાઈ પરમાર, ફારૂકભાઈ મેમન વગેરે સભ્યોએ હાજર રહી જહેમત ઉઠાવી હતી. અંતમાં ગુલઝારબાપુ નુરીના વરદ્હસ્તે દરેક ખત્ના કરાવવા આવેલ બાળકો માટે વિનામૂલ્યે દવા આપવામાં આવેલ હતી તેમ નુરી કલિનિક એન્ડ નિદાન કેન્દ્રની એક યાદીમાં જણાવેલ છે.

## માણાવદર ખાતે પુષ્ટિ સંસ્કારધામ નિર્માણ સંકલ્પ યાત્રા ઉત્સવનું આયોજન

માણાવદર તા. ૨૭

માણાવદર ખાતે તા.૧ જાન્યુઆરીના રોજ સંસ્કાર સિંચનના દિવ્ય હેતુને સાકાર કરવા માટે આધુનિક શિક્ષણ સાથે સંસ્કૃતિનો સમન્વય એટલે પુષ્ટિ સંસ્કારધામ નિ.લી. ગોસ્વામી શ્રી કિશોરચંદ્રજી શ્રી પુરૂષોત્તમલાલજી મહારાજના આશીર્વાદ અને ગોસ્વામી પિયુષબાવાના માર્ગદર્શન હેઠળ પુષ્ટિ સંસ્કાર ધામ નિર્માણ કાર્યનો પ્રારંભ થયેલ છે.

આ પ્રસંગે યોજાનાર ઉપરોકત કાર્યક્રમમાં મંગલાચરણ સમુહ ગાન, પાઠશાળાના બાળકો દ્વારા સાંસ્કૃતિક કાર્યક્રમ, ગોસ્વામિ પિયુષબાવાના વચનામૃત સહિતના કાર્યક્રમો યોજાશે. તેમજ પુષ્ટિ સંસ્કારધામ નિર્માણ સહયોગીઓનું અભિવાદન પણ કરવામાંઆવશે.

## ખંભાળિયાની સિવિલ હોસ્પિટલની મુલાકાત લેતા આમ આદમી પાર્ટીના ઈસુદાન ગઢવી



(કુંજન રાડિયા દ્વારા)

જામ ખંભાળિયા તા.૨૭

આમ આદમી પાર્ટીના નેશનલ જોઈન્ટ જનરલ સેક્રેટરી ઈસુદાન ગઢવી અને ખંભાળિયાના જિલ્લા પ્રમુખ તેમજ કાર્યકર્તાઓએ શનિવારે ખંભાળિયાની સિવિલ હોસ્પિટલની ખાસ મુલાકાત લીધી હતી. આ મુલાકાત દરમ્યાન ઈસુદાન ગઢવીએ ગુજરાત સરકાર અને ગુજરાતની પ્રજાને કોરોનાના વધી રહેલા કેસો માટે સાવધાન રહેવા વિનંતી કરી હતી.

સાથે સાથે ગુજરાત સરકારને રજૂઆત પણ કરી હતી કે હોસ્પિટલમાં જે પણ સ્ટાફની આછત છે એમને તાત્કાલિક ધોરણે નિમણુંક આપવામાં આવે. સિવિલ હોસ્પિટલમાં સીટી સ્કેન મશીન ન હોવાના કારણે દર્દીઓને જામનગર સુધી ધક્કા ખાવા પડે છે. જે બાબતે પણ રાજ્ય તથા કેન્દ્ર સરકારને રજૂઆત કરવામાં આવનાર છે. હાલમાં અન્યવિસ્તારોમાં કોરોનાના વધી રહેલા કેસ સંદર્ભે ઈસુદાન ગઢવીએ જણાવ્યું હતું કે ચીન અને જ્યાં પણ કોરોનાના વધુ કેસ નોંધાય છે, આવા દેશમાંથી આવતી ઈન્ટરનેશનલ ફ્લાઈટને સ્ક્રીનીંગ યોગ્ય રીતે થાય એની ખાસ તકેદારી રાખવામાં આવે તેવી પણ રજુઆત કરી હતી..

## ખંભાળિયામાં શહેર ભાજપ દ્વારા વાજપેયીજીની જન્મજયંતિ નિમિત્તે સુશાસન દિવસની ઊજવણી કરાઈ



(કુંજન રાડિયા દ્વારા)

જામ ખંભાળિયા તા.૨૭

ખંભાળિયામાં શહેર ભાજપના ઉપક્રમે ગઈકાલે રવિવારે સવારે નગરપાલિકા ગાર્ડન ખાતે દેશના પૂર્વ વડાપ્રધાન અને ભારત રત્ન અટલ બિહારી વાજપેયીજીની જન્મજયંતિ નિમિત્તે સુશાસન દિવસની ઉજવણી કરવામાં આવી હતી. આ અંતર્ગત જરૂરીયાતમંદ પરિવાર માટે ગરમ કપડાં એકત્રિત કરી, યુવક બોર્ડને સોપવામાં આવ્યા હતા. સાથે વડાપ્રધાન નરેન્દ્ર મોદીની મન કી બાત કાર્યક્રમ સાંભળવાનું આયોજન પણ કરવામાં આવ્યુંહતું. આ ઉપરાંત તાજેતરમાં સિક્કીમ ખાતે શહિદ થયેલા ૧૬ જવાનોને બે મિનિટનું મૌન પાળીને શ્રદ્ધાંજલી અર્પણ કરવામાં આવી હતી. દેશના પૂર્વ વડાપ્રધાન તથા ભારત રત્ન અટલજીને પુષ્પાંજલિ પણ અર્પણ કરવામાં આવી હતી. જેમાં જિલ્લા ભાજપ મહામંત્રી શૈલેષભાઈ કણજારિયા અને શહેર ભાજપ મહામંત્રી ઈન્દ્રજીતસિંહ પરમારએ અટલજીના જીવનચરિત્ર વિષે ઉદબોધન કર્યુ હતું. આ કાર્યક્રમમાં જીજ્ઞેશભાઈ પરમાર, મનુભાઈ મોટાણી, વનરાજસિંહ વાઢેર, પ્રવિણસિંહ કંચવા, ધીરુભાઈ ટાકોદરા, હસુભાઈ ધોળકિયા, અશોકભાઈ કાનાણી, મુકેશભાઈ કાનાણી, ભવ્ય ગોકાણી, જયંતિભાઈ સુરેલા, નીકુંજભાઈ વ્યાસ, અજુભાઈ ગાગીયા, કારૂભાઈ માવદીયા, કિશોરભાઈ નકુમ, શંકરભાઈ ઠાકર, હિતેશભાઈ ગોકાણી, યોગેશભાઈ મોટાણી, હરેશભાઈ બથવાર, રાણાભાઈ ગઢવી, જયસુખભાઈ મોદી, હસુભાઈ નકુમ, હીનાબેન આચાર્ય, મીતાબેન લાલ, મેઘાબેન વ્યાસ, રેખાબેન ખેતીયા, જાનકીબેન કુંડલિયા, મોહીત પંડ્યા, રાજ પાબારી, યુનુસ ચાકી, પ્રવીણ જામજોડ, દિવ્યેશ જોષી, ભરત નકુમ, નરેદ્રસિંહ જાડેજા, ધવલ કણજારીયા, મનીષ રાઠોડ સહિતના આગેવાનો અને કાર્યકરો ઉપસ્થિત રહ્યા હતા.

## સિધ્ધી સિમેન્ટ કંપનીમાં માઈન્સ વીકની ઉજવણી



(જાદવભોળા દ્વારા)

લોઢવા તા.૨૭

ડાઈરેકટર માઈન્સ સેફટી(અમદાવાદ ક્ષેત્ર) દ્વારા તેરમી મેટાલીફેરસ માઈન્સ સેફટી અને સિલેકોસિસ જાગ્રુતિ વીક ૨૦૨૨ અને ઈન્ડિયન બ્યુરો ઓફ માઈન્સ(અમદાવાદ ક્ષેત્ર) દ્વારા ત્રીસમું માઈન્સ પર્યાવરણ અને ખનીજ સરક્ષણ સપ્તાહ ૨૦૨૨નું આયોજન ૧૮-૧૨-૨૦૨૨ થી ૨૬-૧૨-૨૦૨૨ સુધી કરવામાં આવેલ, જેના અંતર્ગત ડાયરેક્ટર ઈન્ચાર્જ-ડીજીએમએસ-ઉદયપૂર આર. રેડી, ડીવાય ડાયરેક્ટરર ઈન્ચાર્જ-ડીજીએમએસ-અમદાવાદ ચૈતન્ય મૂર્તિ, ઈન્સ્પેકશન ટીમ દ્વારા ગુજરાત સિધ્ધિ સિમેન્ટ લીમીટેડની સિધ્ધિ લાઈમસ્ટોન માઈન્સનું તા.૨૩-૧૨-૨૦૨૨ના રોજ ઈન્સ્પેકશન કરવામાંઆવેલહતું. ઈન્સ્પેકશન દિવસે યોજેલ કાર્યક્રમમાં આવેલ ઈન્સ્પેકશન ટીમના સભ્યો તથા ગુજરાત સિધ્ધિ સિમેન્ટ લીમીટેડના ડાયરેકટર વર્કસ દિનેશ રાંદડ અને રાજીવ રંજન સીંગ(મેનેજર - માઈન્સ) અને સીનીયર અધિકારીઓએ પર્યાવરણ સરક્ષણ અને સુરક્ષા માટે પોતાના વિચારો વ્યક્ત કર્યા હતા. ડાયરેકટર ઈન્ચાર્જ-ડીજીએમએસ-ઉદયપૂર-આર.રેડી, ડીવાય ડાયરેકટરર ઈન્ચાર્જ-ડીજીએમએસ-અમદાવાદ ચૈતન્ય મૂર્તિ સર અને ઈન્સ્પેકશન ટીમે ગુજરાત સિધ્ધિ સિમેન્ટ લીમીટેડ દ્વારા પર્યાવરણ સરક્ષણ અને સુરક્ષા માટે કરેલા કાર્યોની પ્રશંસા કરી હતી. ગુજરાત સિધ્ધિ સિમેન્ટ લીમીટેડ દ્વારા તેમને ભવિષ્યમાં પણ પર્યાવરણ સરક્ષણ અને સુરક્ષા માટે પ્રયત્નશીલ રહેશે તેવી ખાતરી આપવામાંઆવી હતી. આ પ્રસંગે વૃક્ષારોપણનો કાર્યક્રમ પણ રાખવામાં આવ્યો હતો. જેમાં ઈન્સ્પેકશન ટીમના સભ્યો, કંપનીના અધિકારીઓ તથા યુનિયનના પ્રતિનિધીઓ દ્વારા વૃક્ષારોપણ કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે સેફટી ડીપાર્ટમેન્ટ અને સિક્યુરીટી દ્વારા ઓઈલ ફાયર મોકડ્રીલ પણ કરવામાં આવેલ હતી.

